RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 211* Date: 29.05.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં ૧.૮૬ લાખ પોઝિટિવ કેસ, ૩૬૬૦ દર્દીઓના મોત

# રાહત: દેશમાં ૪૪ દિવસ બાદ કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા



### ગત ૧૩ એપ્રિલના રોજ સૌથી ઓછા ૧,૮૫,૨૯૫ કેસ સામે આવ્યા હતા, કોરોના ગાઇડલાઇન રહેશે ૩૦ જૂન સુધી લાગુ, ગૃહ મંત્રાલયે રાજ્યોને આપ્યા કડકાઈથી પાલન કરાવવાના આદેશ

ન્યુ દિલ્હી,તા.૨૮

ભારતમાં કોરોના વાયરસના દૈનિક આંકડાઓમાં ઘટાડો ચાલુ છે. શુક્રવારે (૨૮ મે) છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧,૮૬,૩૬૪ નવા કેસ સામે આવ્યા છે જે દેશમાં ૪૪ દિવસો બાદ કોવિડ-૧૯ના સૌથી ઓછા નવા કેસ સામે આવ્યા. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૯,૪૫૯ કોવિડ-૧૯થી રિકવર થઈ ગયા છે. આ દરમિયાન કોરોનાથી થઈ રહેલ મોતના કેસોમાં કોઈ ઘટાડો થયો નથી. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯થી ૩૬૬૦ લોકોના મોત થા છે. દેશમાં કોરોનાથી અત્યાર સુધી ૩,૧૮,૮૯૫ લોકોના મોત થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસોની સંખ્યામાં ૭૬,૭૫૫ની કમી થઈ છે. ત્યારબાદ દેશમાં હવે કોરોના સક્રિય કેસોની કુલ સંખ્યા ૨૩,૪૩,૧૫૨ થઈ ગઈ છે. દેશમાં કોરોનાથી અત્યાર સુધી ૨,૪૮,૯૩,૪૧૦ દર્દી રિકવર થઈ ચૂક્યા છે. દેશમાં કુલ કોરોના પૉઝિટીવ કેસોની સંખ્યા ૨,૭૫,૫૫,૪૫૭ થઈ ગઈ છે.

કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યુ છે કે દેશમાં રિકવરી રેટ વધીને ૯૦.૩૪ ટકા થઈ ગયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ સાપ્તાહિક પૉઝિટિવિટી રેટ વર્તમાનમાં ૧૦.૪૨ ટકા છે અને દૈનિક પૉઝિટિવિટી રેટ ૯.૦૦ ટકા છે. સતત ચાર દિવસથી કોવિડ-૧૯ પૉઝિટિવિટી રેટ ૧૦ ટકાથી ઓછો છે. દેશમાં કોરોના વેક્સીનેશન અભિયાન હેઠળ અત્યાર સુધી ૨૦,૫૭,૨૦,૬૬૦ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૨૯,૧૯,૬૯૯ લોકોને કોવિડ-૧૯ની વેક્સીન લાગી છે. ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ (આઈસીએમઆર)ના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધી ૩૩,૯૦,૩૯,૮૬૧ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૭૦,૫૦૮ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગૃહ મંત્રાલેય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોવિડ-૧૯ના હાલના દિશા-નિર્દેશોને ૩૦ જૂન સુધી ચાલુ રાખવાનો આદેશ આપતા તેમણે કહ્યું કે જે જિલ્લાઓમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધુ છે ત્યાં નિયંત્રણના ઉપાય કરવામાં આવે.

એક નવા આદેશમાં કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ કહ્યું કે નિયંત્રણના ઉપાયોને કડકાઈથી લાગૂ કરવાથી દક્ષિણ અને પૂર્વોત્તરના કેટલાંક વિસ્તારોને બાદ કરતાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નવા અને સારવાર લેતા કેસમાં ઘટાડો આવ્યો. ભલ્લાએ કહ્યું કે હું એ વાત પર પ્રકાશ પાડવા માંગીશ કે ઘટાડાની પ્રવૃત્તિ છતાંય હાલમાં સારવાર લેતા કેસની સંખ્યા હજુ પણ ખૂબ વધુ છે. આ દ્રષ્ટિથી એ અગત્યનું છે કે નિયંત્રણના ઉપાયોને કડકાઈથી લાગૂ રાખવામાં આવે.

## બાબા રામદેવની મુશ્કેલીમાં વધારોઃ રાજસ્થાનના અલવરમાં ફેક્ટરી સીલ

અલવર,તા.૨૮

એલોપેથી પર ટિપ્પણી કેસમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના ૧૦૦૦ કરોડ રૂપિયાના માનહાનિ કેસ બાદ બાબા રામદેવ હવે રાજસ્થાન સરકારના નિશાના પર આવી ગયા છે. સરકારની તરફથી ગુરૂવાર મોડી રાત્રે બાબા રામદેવની પતંજલિ કંપનીના સરસિયાના તેલમાં ભેળસેળની આશંકાના લીધે અલવર સ્થિત ખેરથલ ફેકટરીને સીઝ કરી દેવાઇ છે. જિલ્લા કલેકટરના નેતૃત્વમાં આ કાર્યવાહીની વીડિયોગ્રાફી પણ કરાઇ છે.

આની પહેલાં બાબા રામદેવની કંપની પતંજલિના સરસિયા તેલ પર ખાદ્ય તેલ ઉદ્યોગ સંગઠન પણ આપત્તિ વ્યકત કરી ચૂકયું છે. સંગઠને કંપનીની એ જાહેરાત પર નારાજગી વ્યકત કરી હતી કે જેમાં દાવો કરાયો છે કે સરસિયાના તેલની અન્ય બ્રાન્ડના કાચી ધાણી તેલમાં ભેળસેળ છે. જો કે હવે રાજસ્થાનના અલવર જિલ્લાના ખૈરથલમાં બાબા રામદેવની પતંજલિ બ્રાન્ડના નામથી સરસિયાના તેલનું પેકિંગ અને ભેળસેળ થતાની માહિતી બાદ પ્રશાસને સિંઘાનિયા ઓઇલ મિલ પર દરોડા પાડીને મોડીરાત્રે ફેકટરીને સીઝ કરી દીધી હતી.

ફેકટરીમાં પતંજલિની પેકિંગ સામગ્રી મોટી માત્રામાં જપ્ત કરાઇ છે. પતંજલિના નામ પર ભેળસેળિયું સરસિયાનું તેલ સપ્લાય કરવાના આરોપમાં બુધવાર મોડી રાત્રે જિલ્લા પ્રશાસને દરોડા પાડ્યા હતા. ફેકટરીમાં બાબા રામદેવની પતંજલિના પેકિંગની મંજૂરીની વાત અહીંના મેનેજમેન્ટ તરફથી કરાઇ છે. આ સિવાય બીજી એક બ્રાન્ડ શ્રી શ્રી ઓઇલ બ્રાન્ડના રેપર પણ જપ્ત કરાયા છે. ફેકટરીમાંથી હાલ સેમ્પલ લેવાયા છે હવે તેનો રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરાશે.

### આ વેક્સિન છે, કાઉન્ટર પર મળતી પેરાસિટામોલ નથીઃ ભાજપ

## લોકોને રસી જોઈએ છે, સરકારને પોતાની ઈમેજની ચિંતા: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૨૮

દેશમાં કોરોનાની ખરાબ થતી સ્થિતિ વિશે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરી છે. તેમણે મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. રાહુલે કહ્યું છે કે, બીજી લહેર માટે વડાપ્રધાન મોદી જવાબદાર છે. તેઓ કોરોનાને સમજી જ ના શક્યા. દેશમાં જે મૃતક આંક બતાવવામાં આવ્યો છે તે ખોટો છે. સરકારે સાચુ બોલવું જોઈએ. ભારતને દુનિયાની ફાર્મસી તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ મોદી સરકારની કુવ્યવસ્થા અને વેક્સિનમાં કરવામાં આવેલા ગોટાળાના કારણે આજે ભારતીયોનું જીવન જોખમમાં છે. હવે સમયે આવી ગયો છે કે, જુઠ્ઠાણા અને અક્ષમ સરકારના દેખાડાથી આગળ વધીએ. એ વડાપ્રધાન અને સરકાર પાસે જવાબ માંગવો જોઈએ કે જેઓ તેમના કર્તવ્યો ભૂલી ગયા છે અને જનતાને તેમના હાલ પર છોડી દીધી છે.

કોંગ્રેસ નેતાએ કહ્યું છે કે, ઝડપથી વધતાં કોરોના સંક્રમણ વચ્ચે માત્ર વેક્સિન જ બચાવી શકે એમ છે. પરંતુ મોદી સરકારની વેક્સિનેશન સ્ટ્રેટજી કુવ્યવસ્થા અને ભૂલોનું ખતરનાક કોકટેલ બની ગઈ છે. આપણી સરકાર વેક્સિનેશનની યોજના વિશે તેમનું કર્તવ્ય ભૂલી ગઈ છે. વેક્સિન ખરીદી વિશે પણ સરકાર અજાણ છે. તેમણે જાણી જોઈને ડિજીટલ ડિવાઈસ બનાવ્યું કે જેથી વેક્સિનની સ્પીડ ધીમી પડે. એક જ વેક્સિનની અલગ અલગ કિંમત નક્કી કરવામાં સરકારની મીલીભગત છે.

રાહુલે કહ્યું કે અન્ય દેશોએ મે ૨૦૨૦ માં જ વેક્સિન ખરીદી માટે ઓર્ડર આપવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ મોદી સરકારે ભારતને નિષ્ફળ બનાવ્યું છે. તેમણે વેક્સિનનો પ્રથમ ઓર્ડર જાન્યુઆરી ૨૦૨૧માં આપ્યો હતો. જાહેર માહિતી અનુસાર મોદી સરકાર અને રાજય સરકારોએ અત્યાર સુધીમાં ૧૪૦ કરોડની વસ્તી અને ૧૮ વર્ષથી ઉપરના ૯૪.૫૦ કરોડ લોકો માટે અત્યાર સુધીમાં માત્ર ૩૯ કરોડ



ડોઝનો ઓર્ડર આપ્યો છે. મોટા દેશોની સરખામણી ભારતમાં સૌથી ઓછી માત્રામાં ખરીદી થઈ છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ જવાબ આપ્યો છે. સંબિત પાત્રાએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલ અને કેટલાક નેતાઓ રોજ સવાલ પૂછે છે, યાદ રાખો એ વેક્સિનનો મામલો છે. કાઉન્ટર મળનારી કોઈ સાધારણ પેરાસિટામોલની ગોળી નથી કે તમે ગયા, ખરીદી લીધી અને ભારત લઈને આવી ગયા. કેન્દ્ર સરકારે ભારતની અંદર વેક્સિન આવે એ માટે કાનૂનોને એપ્રિલથી સરળ બનાવ્યા છે.

## દેશમાં સિંગલ ડોઝવાળી સ્પુતનિક-લાઈટ રસી જલદી લોન્ચ થશે

ન્યુ દિલ્હી,તા.૨૮

સરકારને કોરોનાની સિંગલ ડોઝવાળી સ્પુતનિક લાઇક રસીની ભારતમાં જલદી આવવાની આશા છે. રશિયાના ઉત્પાદક અને અને ભારતીય ભાગીદારો સહિત સંબંધિત સ્ટેકહોલ્ડરોને રસી માટે અરજી અને નિયામકીય મંજૂરીની પ્રક્રિયા ઝડપી કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. આગામી કેટલાંક સપ્તાહોમાં સ્પુતનિક લાઇટ માટે મંજૂરી માટે અરજી કરવાની અપેક્ષા છે. એ ભારતમાં મળનારી સિંગલ ડોઝવાળી પહેલી રસી બની શકે છે. આ રસી દેશના રસીકરણ કાર્યક્રમમાં તેજી લાવશે, એમ સૂત્રોએ કહ્યું હતું.

સ્પુતનિક લાઇટ માટે નિયમનકારી મંજૂરી મેળવવા માટેની અરજી આગામી બેએક સપ્તાહમાં દાખલ કરવામાં આવે એવી સંભાવના છે.

કોરોનાની રસીની સ્થાનિક સ્તરે ઉપલબ્ધતા વધારવા માટે હાલના દિવસોમાં સરકારના ઉચ્ચ અધિકારીઓની વચ્ચે ઉચ્ચ સ્તરી વાતચીત થઈ છે. ગયા સપ્તાહે કેબિનેટ સચિવની અધ્યક્ષતામાં એક બેઠકમાં સ્પુતનિક લાઇટની મંજૂરી પ્રક્રિયાને ઝડપી કરવા માટે બધા સંબંધિત સ્ટેકહોલ્ડરોની સાથે બેઠક આયોજિત કરવાની સલાહ આપવામાં આવી હતી.

રશિયાની સ્પુતનિક રસી જૂનના બીજા સપ્તાહમાં ઉપલબ્ધ થશે. પ્રારંભમાં એ રસી એપોલો હોસ્પિટલના માધ્યમથી ઉપલબ્ધ થશે, એમ એપોલો હોસ્પિટલના કાર્યકારી ઉપાધ્યક્ષ શોભના કામિનેનીએ આપી હતી.

તેમણે કહ્યું હતું કે તેમના ગ્રુપે દેશને ૮૦ સ્થળોએ ૧૦ લાખ રસી લગાવવાનું કામ પૂરું કરી લીધું છે. એમાં ફ્રન્ટલાઇ વર્કર્સ, વધુ જોખમવાળી વ્યક્તિઓ અને કોર્પોરેટ કર્મચારીઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જૂનના દરેક સપ્તાહે ૧૦ લાખ રસી લાગશે. જુલાઈમાં એને વધારીને બે ગણી કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

### યુએનજીએના પ્રમુખે કાશ્મીર મુદ્દાને પેલેસ્ટાઇન વિવાદ સાથે જોડ્યો

## પાકિસ્તાને કાશ્મીરનો મુદ્દો સંયુક્ત રાષ્ટ્રમાં વધુ બળથી ઊઠાવવો જોઈએ

યુએન,તા.૨૮

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ) નાં પ્રમુખ વોલ્કન બોજકિરે ગુરુવારે કાશ્મીર મુદ્દાને પેલેસ્ટાઇન વિવાદ સાથે સરખાવી અને કહ્યું કે, પાકિસ્તાને કાશ્મીરનો મુદ્દો સંયુક્ત રાષ્ટ્રમાં વધુ બળથી ઉઠાવવો જોઈએ. ઈસ્લામાબાદમાં પાકિસ્તાનનાં વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશી સાથેની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધન કરતાં યુએનજીએ ચીફ વોલ્કન બોજકિરે કહ્યું કે, જમ્મુ-કાશ્મીર વિવાદનાં મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રનાં મંચ પર વધુ મજબુતપણે લાવવો એ પાકિસ્તાનની ફરજ છે.

પાકિસ્તાની વેબસાઈટ અનુસાર, પેલેસ્ટાઈનનાં મુદ્દા સાથે કાશ્મીર મુદ્દાની તુલના કરતાં યુએનજીએ પ્રમુખ બોજકિરે કહ્યું હતું કે, કાશ્મીર વિવાદનાં સમાધાન માટે મહાન રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે. તેમણે કહ્યું, ‘મને લાગે છે કે આ પાકિસ્તાનની વિશેષ ફરજ છે.’ તેમણે કહ્યું કે તેમને ખાતરી છે કે પેલેસ્ટાઈન મુદ્દો અને કાશ્મીર મુદ્દો એક જ સમયનો છે. તેમણે વધુમાં કહ્યું કે, મેં હંમેશાં તમામ પક્ષોને જમ્મુ-કાશ્મીરની પરિસ્થિતિ બદલવાથી દૂર રહેવાની વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, સંયુક્ત રાષ્ટ્રનાં ચાર્ટર અને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી) નાં પાકિસ્તાન અને ભારત વચ્ચેનાં ઠરાવો હેઠળ, શિમલા કરારમાં સહમત થયા મુજબ સમાધાન શાંતિપૂર્ણ રીતે ઉકેલી દેવો જોઈતો હતો. આપને જણાવી દઈએ કે, બોજકીરનો પરોક્ષ રીતે ઈશારો ભારત દ્વારા ઓગસ્ટ,૨૦૧૯ માં જમ્મુ-કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચવાના ભારતનાં પગલા તરફ હતો. બોજકીર બુધવારે પાકિસ્તાનનાં વિદેશ પ્રધાન શાહ મહેમૂદ કુરેશીનાં આમંત્રણ પર સત્તાવાર મુલાકાતે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા.

અહીં, વિદેશ પ્રધાન કુરેશીએ કહ્યું કે, તેમણે રાષ્ટ્રપતિને કાશ્મીરની “ગંભીર પરિસ્થિતિ” વિશે માહિતગાર કર્યા હતા અને પેલેસ્ટાઈન અને કાશ્મીર મુદ્દાઓ વચ્ચે સમાનતા તરફ તેનું ધ્યાન દોર્યું હતું. તેમણે લોકોની સામાન્ય માંગણીઓ પર પ્રકાશ પાડતા કહ્યું કે, બંને મુદ્દાઓ દાયકાઓથી યુએનએસસીનાં એજન્ડા પર છે. કુરેશીએ ભારપૂર્વક કહ્યું, ‘નોંધ, આ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ છે.

## રસીના બે ડોઝ બાદ એન્ટીબોડી ટેસ્ટ કરાવવાની જરુર નથી: નીતિ આયોગ સભ્ય

ન્યુ દિલ્હી,તા.૨૮

નીતિ આયોગના સભ્ય વીકે પોલે કહ્યુ કે રસીના ૨ ડોઝ બાદ એન્ટીબોડી ટેસ્ટ કરાવવાની જરુર નથી. કેમ કે રોગ પ્રતિરોધક ક્ષમતાના એન્ટી બોર્ડી એકમાત્ર માપદંડ નથી. અનેક રોગ પ્રતિરોધક ક્ષમતા બનાવે છે. જોકે જરુરી છે કે તમામ લોકો રસીને લઈને અને કોવિડ અનુરુપ વ્યવહાર બનાવી રાખે. કેમ કે આ બિમારીની વિરુદ્ધ પૂર્ણ સુરક્ષા નથી.

વીકે પોલે જણાવ્યુ કે દેશમાં આ અધ્યયન કરવામાં આવી રહ્યુ છે કે કોરોનાની રસીના બુસ્ટર ડોઝની જરુર છે કે નહીં. તેમણે ભાર આપ્યો છે કે કોઈ પણ રસી વાયરસના પુર્ણ રીતે સુરક્ષા આપી શકે નહીં. યુપીના બે અલગ અલગ રસીના ડોઝ પર નીતિ આયોગે કહ્યુ કે પ્રોટોકોલના હિસાબે સજાગ રહેવું પડશે. પહેલો અને બીજો ડોઝ એક જ કંપનીની રસીનો હોય તે જોવુ. અને જો એવું થઈ જાય તો ચિંતા કરવાની જરુર નથી. કોઈ સિગ્નિફિકેન્ટ ઈશ્યુ ન થવો જોઈએ.

વીકે પોલે આગળ કહ્યુ કે એમ પણ કહેવામાં આવે છે કે જો બદલીને રસી લગાવવામાં આવે તો ઈમ્યુનિટી વધારે હોય છે. હું એન્શ્યોર કરવા માંગુ છુ કે કોઈ ચિંતાની વાત નથી. પરંતુ વિકલ્પમાં હાલ અમે એવુ નથી જોઈ રહ્યા. એવી કોઈ રેકમેન્ડેશન ક્યાંયથી નથી આવી. કેટલાક દેશોમાં જે થયું તે ફક્ત ટ્રાયલ તરીકે થયુ. ટ્રાયલમાં જોવા મળી રહ્યુ છે કે મિસ્ક કરે તો શુ ફાયદો થાય છે? ઉત્તર પ્રદેશની ઘટના પર ટિપ્પણી કરતા કહ્યુ કે ભલે આ થઈ ગયુ હોય પરંતુ વ્યક્તિએ ચિંતા કરવાની જરુર નથી. હું તમામ સ્વાસ્થ્ય કર્મીઓને આગ્રહ કરુ છુ કે બન્ને ડોઝ એક જ રસીના આપે. આ ઘટના ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લાની છે જયા સ્વાસ્થ્ય કર્મીઓએ ૨૦ ગ્રામીણોને કોવેક્સીનનો બીજો ડોઝ અલગ કંપનીની રસીનો આપ્યો હતો. પહેલો ડોઝ કોવિશીલ્ડનો હતો.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૨૫૨૧
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૮૦૩૩૮૭
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૨૭
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૭૯૬૫
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૭૫૦૦૧૫

## તંત્રી સ્થાનેથી...

# કોરોના ઉત્પતિ સ્થાન શોધવા અમેરિકાના આદેશથી ચીનને અકળામણ શા માટે....?

કોરોનાને કારણે ચીન સિવાય સમગ્ર વિશ્વના દેશો ભારે પરેશાન છે.ગત વર્ષે ૨૦૨૦ માં કોરોના વાયરસની પ્રથમ લહેર પછીથી વર્ષ ૨૦૨૧ માં કોરોના ની બીજી લહેર ઉપરાંત વિવિધ રોગો ત્રાટકતા સમગ્ર વિશ્વના દેશોને હચમચાવી નાખ્યા છે તે સાથે તેમના અર્થતંત્રને ડામાડોળ કરી નાખ્યા છે. જ્યારે કે ચીનનું અર્થતંત્ર ઝડપથી દોડી રહ્યું છે. કોરોનાની ચપેટમાં અત્યાર સુધીમાં ૧૬.૮૫ કરોડ લોકો આવી ચૂક્યા છે અને ૩૫.૦૧ લાખ લોકોના મોત થયા છે. કોરોના વાયરસને નાથવા વિશ્વના અનેક દેશો તેની રસી સંશોધન કરવામાં ગળાડૂબ બની ગયા અને કોરોના નાથવાની રસી શોધી કાઢવામાં સફળતા પણ મળી... પરંતુ સમગ્ર વિશ્વના લોકોનું રસીકરણ કરવામાં બે વર્ષથી વધારે સમય વિતી જાય તેવી શક્યતા છે....! જોકે સૌથી ઓછી વસ્તી ધરાવતા દેશો રસીકરણ કરવામાં પ્રથમ હરોળમા આવી શકે ત્યારે વધુ વસ્તી ધરાવતા ભારત જેવા દેશમાં રસીકરણ કરવામાં લાંબો સમય જઈ શકે....!કારણ કે વિશ્વના દેશોમાં રસીનુ ઉત્પાદન તેની મર્યાદા મુજબ થઇ રહ્યુ છે... જેમાં ઉત્પાદન વધારવા ભારત સહિત જે તે દેશોએ પ્રયાસો શરૂ કર્યા છે. આ બધું છતાં રસીકરણ માટે સમય તો જશેજ.... આ બાબતો વચ્ચે કોરોનાની બીજી લહેર પછી વિશ્વના દેશોની ચિંતા વધી છે કારણ રસી કે સારવાર લીધા બાદની આડઅસરો...ઉપરાંત વિવિધ નવા રોગો સામે આવવા લાગ્યા જેમાં બ્લેક ફંગસના મ્યુકોરમાઈકોસિસના કેસો સામે આવ્યા દરમ્યાન વ્હાઈટ ફંગસના આને તાજેતરમાં યલો ફંગસવાળા મ્યુકોરમાઈકોસિસના સામે આવવા લાગતા વિશ્વના દેશો હચમચી ગયા છે... બીજી તરફ ચીનમાં સબ સલામત છે. એટલે તેનો અર્થ શુ....?અને ફરી એક વાર વિશ્વના દેશો ચીન તરફ શંકાની આંગળી ચીંધી રહ્યા છે. ત્યારે અમેરિકા હવે લાલઘુમ થઈ ગયું છે.....તે સાથે વાયરસ ક્યાંથી પેદા થયો તે શોધી કાઢવા પોતાની ગુપ્તચર એજન્સીઓને આદેશ આપતા ચીન હેબતાઈ ગયું છે.... કારણ કે ચીનને આ બાબતે તપાસમાં સહયોગ આપવા વિનંતી કરી છે.....!

વિશ્વમાં ગત વર્ષે કોરોનાની પ્રથમ લહેર વખતે ચીનના વુહાનને છોડીને ચીનના એક પણ પ્રાંતમાં કોરોના ફેલાયો ન હતો. જ્યારે કે વિશ્વમાં અમેરિકા, ફ્રાન્સ, ઈટાલી, મેક્સિકો, બ્રાઝિલ, ભારત,મિડલ ઈસ્ટ, અખાતી અને આફ્રિકી દેશોમાં કોરોના એ હાહાકાર મચાવી દીધો હતો. જ્યારે કે ચીનમાં કોરોના નુકસાન છોડી ક્યાંય પણ ફેલાયો ન હતો. વિશ્વના દેશો કોરોના સામે ઝઝૂમી રહ્યા હતા ત્યારે ચીને કોરોના કાબૂમાં લીધો તે બાબતે વિશ્વના કોઇ દેશને મદદ કરી નહી કે ના તો કોઈ જાણકારી આપી તથા કોરોના નાથવા માટેના દિશા નિર્દેશ પણ ન આપ્યા.અત્યારે કોરોનાની બીજી લહેર સામે વિશ્વના દેશો ઝઝૂમી રહ્યા છે તો તે સાથે નવા વિવિધ રોગો સામે આવતા વિશ્વના દેશો ચોંકી ઉઠયા છે. ગત વર્ષે ૨૦૨૦ માં કોરોના બાબતે અમેરિકાએ ચીન પર દોષારોપણ કર્યું હતું.... પરંતુ હવે સંપૂર્ણ રીતે સમજી ગયું છે કે ચીન સિવાય કોરોના સહિતના રોગો વિશ્વના દેશોમાં કેમ ફેલાયા છે અને તે કારણે ચીન પર વિશ્વના દેશોને શંકા પેદા થઇ છે.... તેમાં વિશ્વની મહાસત્તા અમેરિકાના રાષ્ટ્રપતિએ ગુપ્તચર એજન્સીઓને ત્રણ મહિનામાં કોરોના વાયરસનું જન્મ સ્થાન શોધી કાઢી અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યા છે. તેઓએ કોરોનાવાયરસ જાનવરના માનવીય સંપર્કથી કે લેબોરેટરી દુર્ઘટનાએ આ મહામારીનો જન્મ આપ્યો છે તે નિષ્કર્ષ પર આવવા અપૂરતી છે. તેઓએ અમેરિકી રાષ્ટ્રીય રેસના સંશોધકોને મદદ કરવા ચીનને તપાસમાં સહયોગ આપવા વિનંતી કરવા સાથે - "હુ" ને સિદ્ધાંતોનો પુનઃ અભ્યાસ કરી શકે છે. જે માટે કોરોના વાયરસની ઉત્પતિ સ્થાન નુકસાન લેબ માનવામાં આવે છે.... અને ત્યાંથી જ કોરોના વિશ્વભરમાં ફેલાયો હતો. ટુંકમાં અમેરિકાએ આ બાબતે ફરી એકવાર ચીન પર પારદર્શિ તપાસનુ દબાણ બનાવ્યું છે..... કારણ પ્રથમવાર કોરોના ફેલાયો ત્યારે જાનવરોની તપાસ પર ચીની ડેટાની અવગણના કરવામાં આવી હતી. ટૂંકમાં ખંધા ચીનને હવે પછીની ચાલ રમવા સો વાર વિચારવું પડી શકે.....છતા આતો દગાખોર, ખંધુ ચીન છે...!!



# Remembering a leading figure of the Indian community in the UK

**On 27th May 2006 , one of the leading figures of the Indian community in Britain passed away in a London hospital. Lord Navnit Dholakia, a the prominent Asian member of the House of Lords in his message of condolences said, "He was a giant of a man who singularly pursued the cause he believed in".**

Lord Dholakiya added at the time that the community has a lot to thank him for as a pioneer who set out the directions which have made us a prosperous community in the UK. Nalinikant born in a Borsad in the Charotar District of Gujarat. With his elder brother, they both were actively involved in the struggle for independence with dedication to the Iron Man of India Sri sardar Vallabhbhai Patel. Graduated from Poona, he sacrificed his youth and career to a much bigger cause for the people of the land.

Nalinikant was proud of being an Indian. As a freedom fighter actively involved in the satyagraha- (a struggle for Independent of India) lead by Mahatma Gandhi. In the UK, he lead a symbolic 'salt-march' signifying the 'dandi-kutch' in memory of Mahatma Gandhi as an Hon Secretary of Gandhi Bapu Memorial Trust.

Memories of his time with Gandhiji, Nehru and Sardar were shred with his family. He never stopped being a revolutionary and a pioneering spirit even after the Independence of India. He contributed enormously in Uganda to promoting the heritage of Indian culture and went on to establish a school and a temple.

As a Vice-Chairman of the Brent Community Relations Council, he played a major role in promoting good race relations and supporting schemes such as 'help on arrest' and Police community liaison committees. He passionately believed in community cohesion where diversity is respected in order to address the needs of the community.

The projects and public bodies he served on included; school governor, member of Steering Committee for Wembley Conference Centre, Brent and Harrow Health Authority, Family Parishioners Committee, Art Council and Youth and Community Services and other various initiatives. Politically astute, he had developed and maintained excellent relationship with the political figures in all the main parties and community leaders for good of the communities.

In his bid to unite the community, he helped to establish Federation of Guajarati Associations (UK) during late 60s.. Also established UK's first Sardar Patel Memorial Committee to celebrate one of India's great leader with whom he had shared the struggled for Independence. The Committee unveiled an oil painting of Sardar at India House.

He was regarded as a 'Father Figure', well respected and always available to provide sound counsel a mentor for some and mediator for those in disputes within various the Indian Communities in Brent.

Over 15 years ago, it marked a historical journey as the Indian Community in Brent had lost their dedicated community worker who ha d given voluntary contribution to the Borough. He was early generation of the minority ethnic black [BME] leaders who struggled for our communities in a new country. He played an active role in the field of Race Relations and Community Cohesion, and truly followed a motto- "serving others above ones self". This was embedded in the work of the Brent Indian Association [BIA] which he founded. Being in the early generation of minority ethnic black [bme] he led the struggle for our communities in a new country. With the help of a dedicated team, as Chairman, he lay the foundation on which the organisation was able to grow in strength and services for the well being of our people.

During the period of deportation of Asians from Uganda in 1972 he took the lead in ensuring that the organisations he represented made an appropriate response to crisis. He visited settlement camps and local authorities to encourage them in providing support to these destitute. He went on to successfully establishing Brent's first Gujarati Library. He also saw a Brent Indian Community Centre being established under his Chairmanship. During Mid-70s, he was joined by the late Shree Pranlal Sheth CBE, to start a publication of an ethnic weekly newspaper -Gujarat Samachar. He also started a School for children of Indian origin. He was a member on the Education Committee and many schools, including Copeland Community School; had often invited him to present achievement certificates to their pupils.

He competed his dream of building a Sanatan Hindu Temple to be made from the stones craved from India in Wembley which took more than decade to compete. His legacy reflects of some one some one who stood out as a leading torchbearer who guided the establishment of organisations by various Gujarati groups. "His ability to work tirelessly and skilfully has enabled achievement of great milestones by the Asian community in the UK". He was honoured for his services with an MBE. He was married to late Savitaben and they had two sons and a daughter. He died at the age of 90 years ❑

*buddhdevp@gmail.com*

Published by Gujarat UK Journal 27th May 2021

# રાજ્યમાં ૧૦ જિલ્લાઓમાં નવા સાયબર પોલીસ સ્ટેશનને મંજૂરી

ગાંધીનગર,તા.૨૮

આજે આખા વિશ્વમાં "ડીજિટલ ક્રાંતિ" ફેલાઇ રહી છે ત્યારે ગુજરાત રાજ્ય આ બાબતે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. અત્યારે નાગરિકો કોરોના મહામારીના કારણે ઓનલાઇન શોપિંગ, રિચાર્જ, નાણાંની ચૂકવણી, ઇ-મિટિંગો, વેબિનાર જેવી ડિજિટલ સેવાનો લાભ લઇ રહ્યા છે. જે ટેકનોલોજીનો સદુપયોગ છે. પરંતુ કેટલાક સાયબર ક્રિમિનલ્સ દ્વારા આ જ ટેક્નોલોજીનો દુરુપયોગ કરી લોકો સાથે છેતરપિંડી પણ થઇ રહી છે. આથી સાયબર સુરક્ષાને લગતા પડકારો સામે આવી રહ્યા છે. આવા વ્યક્તિઓ સામે કાનૂની કાર્યવાહી કરવા માટે પણ પોલીસ સજાગ છે. ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે જિલ્લા કક્ષાએ પણ સાયબર પોલીસ સ્ટેશનનો શરૂ કરવા માટે સાણંદ, સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, વલસાડ, જામનગર, પોરબંદર, અમરેલી, કચ્છ-પૂર્વ (ગાંધીધામ) અને બનાસકાંઠા એમ કુલ ૧૦ જિલ્લાઓમાં પણ સાઈબર પોલીસ સ્ટેશન મંજૂર કરાયા છે.

### વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા અને દાણીલીમડાના ધારાસભ્યશ્રી શૈલેષ પરમારની

# સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા ટ્રસ્ટ સંચાલિત હોસ્પિરટલમાં એમ્યુલન્સ વાન તથા જરૂરી મેડીકલ સાધનો ખરીદવા ધારાસભ્ય ગ્રાન્ટ્માંથી રૂ. ૬૦.૦૦ લાખની ફાળવણી

અમદાવાદ શહેરમાં કોરોના મહામારી મોટા પ્રમાણમાં ફેલાઈ છે ત્યામરે અમદાવાદ શહેરના પ્રજાજનોને કોરોના વાયરસની મહામારીમાં મદદરૂપ થવા માટે વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા અને દાણીલીમડા વિધાનસભા મતવિસ્તામરના ધારાસભ્યમશ્રી શૈલેષભાઈ પરમારે સામુહિક આરોગ્યન કેન્દ્રોસ તથા ટ્રસ્ટિ સંચાલિત હોસ્પિનટલમાં એમ્યુટિલ લન્સ વાન તથા જરૂરી મેડીકલ સાધનો ખરીદવા માટે તેમની વર્ષ ૨૦૨૧-૨૨ની ધારાસભ્યૂ ગ્રાન્ટટમાંથી રૂ. ૬૦.૦૦ લાખની રકમની ફાળવણી કરી હતી.

શ્રી શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, રાજ્યુમાં કોરોનાના કારણે કોરોનાની સ્થિાતિ બેકાબુ બની ગઈ છે અને તમામ જિલ્લાઓમાં કોરોનાનું સંક્રમણ અતિશય વધી ગયું છે. રાજયમના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મોટા શહેરો સહિત નાના શહેરો અને ગ્રામ્યગ વિસ્તાયરમાં પણ કોરોનાએ વિકરાળ સ્વ રૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં પરિસ્થિુતિ ગંભીરથી અતિ ગંભીર બની છે.

અમદાવાદ શહેરમાં હોસ્પિાટલોમાં બેડ, કોરોનાની સારવાર માટે અસરકારક એવા રેમડેસીવીર ઈન્જે કશન, ફેબી ફ્લુ જેવી દવાઓ અને ઓક્સી?જનની અછત સર્જાઈ છે.

કોરોનાના કેસો અતિશય પ્રમાણમાં વધ્યાઈ હોવાથી અમદાવાદ જેવા શહેરમાં કોરોનાના ગંભીર દર્દીઓને ૧૦૮ એમ્પ્યુાના લન્સવ સમયસર મળતી નથી કે મેળવવા માટે ઘણી બધી મુશ્કેભલીઓ વેઠવી પડે છે.

અમદાવાદ શહેરના પ્રજાજનોને કોરોના વાયરસની મહામારીમાં મદદરૂપ થવા માટે દાણીલીમડા વિધાનસભા મતવિસ્તાશરના સામુહિક આરોગ્યસ કેન્દ્રોં તથા ટ્રસ્ટી સંચાલિત હોસ્પિપટલમાં એમ્યુમ્ય લન્સજ વાન તથા જરૂરી મેડીકલ સાધનો ખરીદવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ની ધારાસભ્યૂ ગ્રાન્ટટમાંથી કુલ રૂ. ૬૦.૦૦ લાખની ગ્રાન્ટુ ફાળવી હતી. જેમાં, (૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર૦, દાણીલીમડા ખાતે એમ્પ્યુરાન્લન્સલ વાન તથા જરૂરી મેડીકલ સાધનોની ખરીદી માટે - રૂ. ૧૫.૦૦ લાખ,

(૨) સામુહિક આરોગ્યર કેન્દ્રા, બહેરામપુરા ખાતે એમ્યુસલિ લન્સડ વાન તથા જરૂરી મેડીકલ સાધનોની ખરીદી માટે - રૂ. ૧૫.૦૦ લાખ, (૩) સામુહિક આરોગ્યૂ કેન્દ્રમ, ગોમતીપુર ખાતે એમ્યુથ લન્સ વાન તથા જરૂરી મેડીકલ સાધનોની ખરીદી માટે -

રૂ. ૧૫.૦૦ લાખ તથા (૪) ગોમતીપુર ખાતે આવેલ અલ-અમીન ટ્રસ્ટથ સંચાલિત હોસ્પિ?ટલમાં મેડીકલ સાધનોની ખરીદી માટે - રૂ. ૧૫.૦૦ લાખ એમ કુલ રૂ. ૬૦.૦૦ લાખની ફાળવણી કરી હતી અને જરૂર જણાયે વધુ રકમની ગ્રાન્ટર ફાળવવાની બાંહેધરી પણ આપી હતી.

# રોટરેક્ટ એ રોટરીનું ભવિષ્ય છે :DRCC રો. બાબુભાઈ પ્રજાપતિ

જુલાઈથી શરૂ થતા નવા વર્ષ ૨૦૨૧,૨૨ ના રોટરી ક્લબના પ્રેસિડન્ટ ,સેક્રેટરી ડિસ્ટ્રીકટ ઓફિસર્સ માટે ટ્રેનીગ સેમીનારનું આયોજન ડિસ્ટ્રિક ગવર્નર રો અશોક મંગલ દ્વારા કરવામાં આવેલ બે દિવસના ઓનલાઈન સેમિનાર માટે ડી.સેક્રેટરી મેહુલ પટેલ દ્વારા પાલનપુરથી સુંદર વ્યવસ્થાની સાથ ડી ટ્રેઇનર પીડીજી મૌલિન પટેલ દ્વારા ઈન્ટરનેશનલ ડાયરેકટરસની સાથે ગુજરાત રાજસ્થાનના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર્સ તથા મોટિવેશનલ સ્પીકર્સનાં આયોજન થી સેમિનારને સફળ બનાવ્યો ગુજરાત અને રાજસ્થાનની રોટરી ક્લબોના ૫૦૦ જેટલા સભ્યોની સાથે DRR ઉત્કર્ષ પટેલ સહિત રોટરેકટ ના લીડર્સ પણ સેમિનારમાં જોડાયા રોટરી ક્લબ ઓફ પાટણના ક્લબ ટ્રેનર અને ડિસ્ટ્રીક રોટરેકટ કમિટી ચેરમેન બાબુભાઈ પ્રજાપતિ દ્વારા તેમના વક્તવ્ય માં રોટરેકટ અંગે માહિતી આપતાં જણાવ્યું કે વિશ્વભરમાં જ્યાં રોટરી છે ત્યાં રોટરેકટ ના માધ્યમથી યુવાશક્તિને સાથે રાખી સમાજ સેવાની સાથે તેમનામાં લીડરશિપ લાવવાનો પ્રયાસ ૧૯૬૮ થી થઈ રહ્યો છે વિશ્વભરના ૨૦૩૦૦૦ રોટરેક્ટર્સ પૈકી ડી. ૩૦૫૪ માં પણ ૯૫ ક્લબ દ્વારા ૭૫૦૦ રોટરેક્ટર્સ યુવાનો રોટરી ની સાથે તમામ સેવાકીય કાર્યક્રમોમાં સાથે હોય છે તેમણે ઉલ્લેખ કર્યો કે કચ્છની ક્લબો ,ઉત્તર ગુજરાતની પાટણ , વિસનગર ,પાલનપુર અમદાવાદ ની કાંકરિયા, જયપુર અને ઉદયપુર સહિત કોટા ની ક્લબોના કાર્યક્રમોની નોંધ રોટરી ઈન્ટરનેશનલ લેવલ સુધી લેવાઈ રહી છે ત્યારે તેમણે તમામ પ્રેસિડન્ટને અનુરોધ કર્યોકે તે તમામ નાના ટાઉનમાં એક રોટરેકટ ક્લબ બનાવવી ,બનાવેલી હોય તેને એક્ટિવ કરવી અને મેટ્રો સિટીમાં પ્રત્યેક રોટરી ક્લબ પોતાની રોટરેકટ કલબ ઊભી કરી આવનારા દિવસો માટે યુવાશક્તિને આગળ લાવવા પ્રયાસ કરે સેલ્ફ ડેવલોપમેન્ટ એન્ડ ફેલોશિપ થ્રુ સર્વિસ ના સુત્ર સાથે કામ કરતા રોટ રેક્ટર્સ એ રોટરી નું ભવિષ્ય છે

### અંદાજે રૂા. ૧૮ લાખના ખર્ચે સન ફાર્મા કંપની દ્વારા CSR હેઠળ

# રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલને ડોનેશન સ્વરૂપે સમર્પિત કરાયો ઓક્સિજન પ્લાન્ટ

રાજપીપલા,તા૨૮

નર્મદા જિલ્લાના કલેકટર ડી.એ.શાહ, નર્મદા સુગર ફેકટરીના ચેરમેન અને ભરૂચ દૂધધારા ડેરીના ચેરમેન અને જિલ્લાના અગ્રણી ઘનશ્યામભાઇ પટેલ, સનફાર્મા કંપનીના ગુજરાત કલ્સ્ટરના વડા અને એસોસીએટેડ વાઇસ પ્રેસિડેન્ટ આશિષ ભટ્ટનાગર, કંપનીના ગ્લોબલ એન્જિનીયરીંગ વિભાગના વડા નિકેશ કાપડીયા, એન્જિનીયરીંગ હેડ નરેન્દ્ર ઉપાધ્યાય, CDMO સવીલ સર્જન અને કોવિડ-૧૯ હોસ્પિટલના નોડલ અધિકારી ડૉ. જયોતિબેન ગુપ્તા, અધિક કલેકટર હિમાંશુ પરીખ, RMO ડૉ. મજીગાંવકર સહિત કોવિડ હોસ્પિટલના તબીબો-પેરામેડીકલ સ્ટાફ વગેરેની ઉપિસ્થિતિમાં આજે રાજપીપલાની આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે અંકલેશ્વર-પાનોલીની સનફાર્મા કંપની દ્વારા સામાજિક દાયિત્વના ભાગરૂપે CSR હેઠળ અંદાજે રૂા. ૧૮ લાખના ખર્ચે તૈયાર કરાયેલા અને ડોનેશન સ્વરૂપે ફાળવાયેલ ઓક્સિજન પ્લાન્ટને ખૂલ્લો મૂકી તેને કાર્યાન્વિત કરાયો હતો. સનફાર્મા કંપનીના ગુજરાત કલ્સ્ટરના વડાશ્રી અને એસોસીએટેડ વાઇસ પ્રેસિડેન્ટશ્રી આશિષ ભટ્ટનાગર, કંપનીના ગ્લોબલ એન્જિનીયરીંગ વિભાગના વડા શ્રી નિકેશ કાપડીયા વગેરે દ્વારા આજે ઉકત ઓક્સિજન પ્લાન્ટ કોવિડ હોસ્પિટલને સંમર્પિત કરાયો હતો.



નર્મદા જિલ્લા કલેકટરશ્રી ડી.એ.શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ૨૪૮૭ સતત ઓક્સિજનનો પુરવઠો મળી રહે તે માટે સન ફાર્માસ્યુટીકલ કંપની દ્વારા છેલ્લા દોઢ મહિનાથી સદરહું પ્લાન્ટ સંદર્ભે અથાક પ્રયાસો કરીને હવામાંથી લિક્વિડ નાઇટ્રોજનમાંથી ઓક્સિજનમાં કન્વર્ટ કરીને લગભગ દૈનિક ૧ ટનની કેપેસીટી ગણાય અને લગભગ ૩૫ બેડને ઓક્સિજનનો પુરવઠો સતત મળી રહે તે માટેનો આ પ્લાન્ટ આજથી કાર્યરત કરાયેલ છે. જેને લીધે રાજપીપલા કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે ૭૦ બેડને આ પ્લાન્ટની સુવિધા મળશે. હેમાની ઈન્ડ્રસ્ટ્રીઝનો પ્લાન્ટ પણ કાર્યરત થઇ ગયો છે. અને આજે સન ફાર્મા કંપનીનો આ પ્લાન્ટ કાર્યરત થવાને લીધે જિલ્લાની સાથોસાથ સારવાર હેઠળના દરદીઓ અને હોસ્પિટલ તંત્રને પણ ઘણી બધી રાહત થશે.

જિલ્લા કલેકટરશ્રી શાહે વધુમાં ઉમેર્યુ હતું કે, નોવેલ કોરોનાની મહામારી દરમિયાન રાજય સરકાર અને આરોગ્ય વિભાગ તથા પ્રભારી સચિવશ્રી તેમજ અન્ય તમામ વિભાગો દરદીઓને કોઇ પણ પ્રકારની મુશ્કેલી ન પડે અને હોસ્પિટલને પણ તમામ પ્રકારની સુવિધા મળી રહે અને તેમાંય ખાસ કરીને કોરોનાની બીજી લહેરમાં ઓક્સિજનની જરૂરીયાતવાળા વધુ દરદીઓના અનુભવને લક્ષમાં લઇને ઓક્સિજનની જરૂરીયાતને પહોંચી વળવા રાજય સરકાર અને જિલ્લા પ્રશાસન સતત પ્રયત્નશીલ અને ચિંતિત છે. સહુના સહિયારા પ્રયાસોના પરિણામે રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ તમામ CHC, તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તમામ સબ-ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે ઓક્સિજનના સિલીન્ડરની સુવિધા સતત વધારી રહયાં છે. અને આપણે ૧ હજાર સિલીન્ડરની ડિલીવરી મેળવી શકયાં છીએ તેમજ લિક્વિડ ઓક્સિજનની ટેક્ની ડિલીવરી પણ મળી શકી છે. હજાર લીટરની ટેક્ક અને ૨૦૦ લીટરની ટેક્ક પણ મેળવીને તમામ જગ્યાએ પૂરી પાડી છે.

સનફાર્મા કંપનીના ગ્લોબલ એન્જીનીયરીંગ વિભાગના વડાશ્રી નિકેશ કાપડીયાએ આ પ્લાન્ટ અંગેની ટેકનીકલ જાણકારી સાથે પ્રસંગોચિત વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશમાં ઓક્સિજનની જરૂરીયાતના સમયે CSR ના ભાગરૂપે સન ફાર્મા કંપનીના મેનેજીંગ ડીરેકટરશ્રીની પ્રેરણા હેઠળ આ પ્લાન્ટની સ્થાપના માટે ભગીરથ કાર્ય હાથ પર લીધુ ત્યારે નવો પ્લાન્ટ એરેન્જ કરવામાં વધુ સમય માંગી લેતો હોવાથી કંપની પાસે ઉપલબ્ધ નાઇટ્રોજન પ્લાન્ટને ઓક્સિજન પ્લાન્ટમાં કન્વર્ટ કરવા માટેની મુખ્ય જરૂરીયાત કે જેણે નવા પ્રકારની ZMS કહે છે તેને જર્મનીથી ઈમ્પોર્ટ કરીને કંપનીની ટીમના તમામ સાથીદારોના અથાક પ્રયાસો હેઠળ પૂર્ણ કરેલ છે. આ પ્લાન્ટ ૮થી ૧૦ હજાર લીટર ઓક્સિજન પુરો પાડે છે. એક દરદીની જરૂરીયાત જો પાંચ લીટર ગણીએ તો ૨૫ બેડની જરૂરીયાત પુરી કરી શકાશે અને ૧૫ લીટર ગણીએ તો લગભગ ૧૦ થી ૧૨ દરદીઓની ઓક્સિજનની જરૂરીયાત પુરી કરી શકાશે. દરદીનું ઓક્સિજનનું એવરેજ કન્ઝમશન ૧૦ લીટરનું છે. આ પ્લાન્ટ લગભગ ૧૩ થી ૧૫ બેડને ઓક્સિજનનો જથ્થો પુરો પાડશે. આ પ્લાન્ટની સ્થાપનામાં જિલ્લા પ્રસાશન- આરોગ્યતંત્ર તરફથી મળેલા અભૂતપૂર્વ સતત સહયોગ બદલ તેમણે આભારની લાગણી વ્યકત કરી હતી. કોવિડ-૧૯ હોસ્પિટલના નોડલ અધિકારીશ્રી, CDMO અને સિવીલ સર્જન ડૉ. જયોતિબેન ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ હોસ્પિટલને પ્રાપ્ત થયેલી આ પ્લાન્ટની સુવિધાને લીધે ઓક્સિજનના સિલીન્ડર ભરાવવા માટેના આવન-જાવનમાંથી મુક્તિની સાથો સાથ સમય બચત વગેરે સહિતની બાબતોમાં ઘણી રાહત મળી રહેશે.

તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

### જૂનાગઢ જિલ્લા અનુસૂચિત જાતિ પ્રમુખ દ્વારા

# મુખ્યમંત્રી ને પત્ર લખી કોરોના થી મૃત્યુ પામનાર ના પરિવાર ને સહાય આપવા માંગ કરી



સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં કોરોનાથી મૃત્યુ પામનાર ના આંકડાઓ અંગે અનેક વીસંગતતા રહી છે. વિપક્ષ પણ મૃતકોના આંકડા ને લઈ ને સરકાર પર આરોપ લગાવી ચુકી છે.સરકાર મૃતકો ના આંકડા સાચા ન બતાવવા પર પણ અનેક ફરિયાદો ઉઠી છે.ત્યારે વંથલી તાલુકાના સામાજિક કાર્યકર દ્વારા સરકાર સામે આ અંગે સવાલો ઉભા કરી ને કોરોના માં મૃત્યુ પામનાર ને તાત્કાલિક સહાય આપવા મુખ્યમંત્રી ને ઇ-મેલ અને લેખિત માં રજુઆત કરવામાં આવી છે. વંથલી તાલુકા ના કાર્યકર પ્રવીણ ચૌહાણ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૧૦ એપ્રિલ થી ૧૮ મેં ૨૦૨૧ સુધી ગુજરાતમાં ૨ લાખ થી વધુ લોકોએ આ કોરોના મહામારીમાં પોતાના જીવ ગુમાવ્યા છે.જ્યાં જુવો ત્યાં હૈયાફાટ રુદન હતું.ભલ ભલા નું કાળજું ફાટી જાય તેવા દ્રશ્યો સમગ્ર દેશ અને ગુજરાત માં સર્જાયા હતા. કોરોના મહામારી ના સમય ગાળા દરમિયાન કોઈએ રૂપિયા ગુમાવ્યા છે.સાથે ઘરના મોભી અને કુટુંબના વ્યક્તિ ને ગુમાવ્યા છે. ત્યારે આ મૃતકના પરિવાર ને તાત્કાલિક ધોરણે દરેક ગામમાં સર્વે કરાવી આર્થિક સહાય કરવામાં આવે તેવી માંગ પ્રવીણ ચૌહાણ દ્વારા કરવામાં આવી છે. અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૭ ગદ્ય રચનાં....

.વિષય : કોરોના મહામારી..દિવસ - ૪

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક તેમજ એડમિન ટીમ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ(પ્રતિભાવ એંકર), પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
Email: prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS No : 0044

પ્રકાર;- ગદ્ય

વિષયઃ- કોરોના

શીર્ષકઃ- મન હોય તો માળવે જવાય.

નીતાબેનને ત્યાં દર માસે અગિયારસને દિવસે એમની સખીઓને બોલાવી એમની સાથે વિષ્ણુ ભગવાનને તુલસી અર્પણ કરે.

દર ત્રણ વર્ષે આવતા અધિકમાસમાં આ કાર્યક્રમ પૂરો મહિનો ચાલે. અધિકમાસમાં નદીએ સ્નાન કરવાનું પણ મહત્વ એટલે વિષ્ણુ ભગવાનને તુલસી અર્પણ કરી નદીએ સ્નાન કરવાનો કાર્યક્રમ પણ હોય. વિષ્ણુ ભગવાનને તુલસી અર્પણ કરી અધિકમાસ નું મહાત્મ્ય સમજાવતી કથા પણ વાંચે. દાન કરવાનું મહત્વ એટલે આ બહેનો યથાશક્તિ દાન પણ કરે.

આ વર્ષે કોરોના કાળમાં આવેલા અધિકમાસમાં સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનું હોવાથી બધાં ભેગા મળીને તુલસી ચઢાવી ન શકે.

નીતાબેન મુંઝવણમાં," શું કરું?" ત્યાં જ એમની પુત્રવધૂએ સાસુમાને રસ્તો બતાવ્યો, બધાંને ઝૂમમાં એડ કરી બધાં પોતપોતાના ઘરે વિષ્ણુ ભગવાનને તુલસી અર્પણ કરો. નિતાબેન તો વહુની વાતથી ખુશ થયાં અને વહુની મદદથી બધાંને ઝૂમમાં ભેગા ?કરી વિષ્ણુ ભગવાનને તુલસી અર્પણ કરી, ત્યારબાદ પુરુષોત્તમ ભગવાનની કથા વાંચી આરતી પણ કરી સંતોષ માન્યો. રહી વાત દાન કરવાની તો બધાંએ પોતાની કામવાળી બાઈને, વોચમેનને જરૂરિયાત મુજબ ચીજ વસ્તુઓ આપી, દાન કરવાનો સંકલ્પ પૂરો કર્યો.
આમ રંગે ચંગે અધિકમાસમાં વૃંદા અર્પણ, કથા વાંચન, અને દાનનો કાર્યક્રમ પૂર્ણ કર્યો. એટલે જ કહેવાય કે," મન હોય તો માળવે જવાય."

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG SS NO. 0095

વિષય :-- કોરોના મહામારી

પ્રકાર :-- ગદ્ય

શીર્ષક :-- ‘ કેશવની પ્રમાણિકતા ‘

આજે કેશવે નોકરી છોડી દીધી ! મેનેજરની જોહુકમી અને શેઠનું પાષાણ હૃદય ! કદી એની કંપનીનાં કારીગરો કે એમની મજબૂરીની વ્યથા સમજી ના શક્યા ! કેશવ મનહર શેઠનાં કારખાનામાં સુપરવાઈઝરની નોકરી કરે . એનું કામ કારીગરો પર નજર રાખવાનું . કોઈ કારીગર કામચોરી કરીને નજર ચૂકવીને સૂઈ નથી જતાંને ! રાતપાળીની નોકરીમાં ક્યારેક કોઈને ઝોકું આવી પણ જાય અને જો નજરે ચડે તો દંડ થાય .

કેશવ બહુજ પ્રમાણિક અને દયાળુ . એ હંમેશાં બધાંને અગાઉથી સૂચના આપી દે અને બને ત્યાં સુધી કોઈને દંડ ના કરે . એવામાં હવે કોરોના આવ્યો .કંપનીમાં નવા નિયમો બન્યા . સૂતા પકડાય તો ૫૦૦ / નો દંડ અને માસ્ક ના પહેરે કે જરાક પણ નીચું હોય તો ૧૦૦૦ / નો દંડ . કેમકે મેનેજરને એમાંથી પણ કમીશન મળવાનું હતું.

મેનેજર નિષ્ઠુર હતો . એણે કેશવને કડક શબ્દોમાં કહી દીધું કે જો તમે કોઈને છૂટ આપશો તો તમારો પગાર કાપીશું . હવે પાંચ – છ હજારનાં પગારવાળા કારીગરોને કેશવ કેવીરીતે આવો દંડ થવા દે ? પણ પોતાની નોકરી પણ જરૂરી હતી ! માત્ર તેર હજારનો ટૂંકો પગાર ! એમાંય ઘરની બધી જવાબદારી , ભાડાનું ઘર , લાઈટબીલ જેવા ખર્ચ તો હોયજ !

આમેય પહોંચી નહોતું વળાતું એમાં વારંવાર મેનેજરની ધમકી ! છતાંય કેશવે એનો પોતાનો નહીં પણ એનાં હાથ નીચેનાં કારીગરો અને એનાં પરિવારનો જ વિચાર કર્યો હતો .બને ત્યાં સુધી એમને દંડ ના કરતો .

કેશવનો આત્મા હંમેશાં ડંખતો . કેમકે દંડ થયો હોય એવા કારીગરો એની પાસે માફી માંગીને કરગરતાં .સાહેબ છ હજારમાંથી હજાર કાપશો તો છોકરાવને ખવરાવીશ શું ? તો કોઇ કહેતું કે પત્નીને ડીલીવરી આવે એમ છે એનું શું થશે ? તો વળી કોઈનાં. વૃદ્ધ મા – બાપની સારવારનો ખર્ચ હતો .રોજરોજ કારીગરોનાં આંસુ કેશવથી જોવાતા નહીં .એને કોઈનાં નિઃસાસા નોતા લેવા .

કેશવે પોતે જ નોકરી છોડી દીધી . પોતાનાં પરિવારનું શું થશે ? એનો પણ વિચાર ના કર્યો ને કોઈનાં નિઃ સાસા તો નહીં લાગેને ! બસ છોડી દીધી નોકરી ! મેનેજરની જોહુકમી માંથી છૂટ્યો . મેનેજર કોરોનામાં સપડાયો ! એનું જીવવું પણ મુશ્કેલ હતું .કેશવની સાથે સાથે ઘણાં બધાં કારીગરો પણ નોકરી છોડીને વતનની વાટે પગપાળા નીકળી પડ્યાં .
પાષાણ હૃદયનાં શેઠની કંપનીનું શું થયું ? ખબર નહીં ! કેશવનો આત્મા એટલી હદે દુખી થયો કે એણે કંપનીજ નહીં પણ એ ગામ જ છોડી દીધું !

આવી મહામારીની મહા વ્યથા તો ગામેગામ મજૂરી કરીને જીવતાં લોકોની છે જેને વચેટીયાઓ એ લૂંટીને રસ્તે રઝળવા મજબૂર કરી દીધાં છે .

દીપિકા ચાવડા ’ તાપસી ’.

---

## NOG SS No :- 0038

વિષય :- કોરોના મહામારી

વિભાગ :- ગદ્ય

શીર્ષક :- સાવચેતી

આજે બાળકોને શેરીમાં રમતા જોઉં તો થાય કે ગાડી સાવ ભણતરના પાટા ઉપરથી ઉતરી ગઈ. સાવચેતી જરૂરી છે કે બાળકને રમવું અને મોબાઈલ લઈ બેસી રહેવું એવી
માનસિકતા ઘર ના કરી જાય.

ઓનલાઈન કલાસ ભરીને બાળકો મોબાઈલ લઈ ગેમ રમવા બેસી જાય. મમ્મી કામમાં હોય બાળકોનું મગજ ગેમ તરફ વળીને ભણતરને જાણે અલવિદા કરી રહ્યું છે.

કોરોનાએ નાનાથી લઈ મોટા સુધી બધાને એના સકંજામાં લઈ લીધા છે...કેટકેટલું નુકશાન થઈ રહ્યું છે એનો વીચાર પણ દિલને દર્દથી ભરી દે છે.

પણ આ બધાની વચ્ચે એમ થાય કે જીવ બચશે તો પાછા આગળ આવી જઈશું. માટે અત્યારે બધાંએ કામ વગર બહાર નીકળવું નહિ ને જો નીકળવું પડે તો માસ્ક પહેરી ને જવું.

આપણે આપણું ધ્યાન જાતેજ રાખવાનું છે...થોડી સાવચેતી આપણને મોટી તકલીફ માંથી બચાવી લેશે....??

શીલાપટેલ " આકાંક્ષા "

---

## NOG SS No : 0022

વિષય : કોરોના

વિભાગ : ગદ્ય

પ્રકાર : વાર્તા

શીર્ષક : બદલાવ

"સ્વીટી બેટા, દરવાજો ખોલ. ચાલ જમવા." સુધાબહેને પોતાની દીકરીને તેનાં શયનખંડનો દરવાજો ખખડાવતાં કહ્યું.

સુધાબહેન નીચે જઈને ડાઇનિંગ ટેબલ આગળ ગોઠવાયાં અને થાળી પીરસી. સ્વીટી પણ ચુપચાપ આવીને બેસી ગઈ. નરેશભાઈ તો પહેલેથી જ હાજર હતા. તેમને સ્વીટીની ખામોશી ખટકવા લાગી હતી. હંમેશા ઘરમાં ઉધમ મચાવતી સ્વીટી હવે એક શબ્દ પણ બોલતી નહોતી. સુધાબહેન પણ અકળાઈ ગયાં હતાં પણ એ જાણતાં હતાં કે દીકરી હમણાં જ કોરોનામાંથી બહાર આવી છે અને તેમાં પણ...

નરેશભાઈએ એક બે જોક્સ કહીને હસાવવાનો પ્રયત્ન કર્યો પણ સ્વીટીનો ચહેરો નિર્વિકાર રહ્યો. સુધાબહેન પણ મ્લાન હસ્યાં.

નરેશભાઈએ ગંભીર સ્વરમાં કહ્યું, "જો બેટા, આ જીવન છે અને આમાં ઉતારચઢાવ આવતાં રહે, આપણે આગળ વધવું રહ્યું. ક્યાં સુધી આમ ચૂપ રહીશ? કંઈક તો બોલ."

સ્વીટી એકપણ શબ્દ બોલ્યા વગર થાળી ઉપરથી ઉભી થઈ ગઈ અને ઝડપથી પોતાના શયનખંડ તરફ આગળ વધી.

હજી એક મહિના પહેલાં સુધી સ્વીટી બકબક કરીને માથું પકવી દેતી, એક મિનીટ પણ ચૂપ ન રહેતી. જો કે નરેશભાઈ તેનું દુઃખ સમજી શકતાં હતાં. ઘરમાં હંમેશા ધીરગંભીર રહેનાર તેના ભાઈ રાકેશને કોરોના ભરખી ગયો હતો. સ્વીટી પણ માંડ બચી હતી.

બંને ભાઈબહેનને કોરોના થઈ ગયો અને બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. સ્વીટીની તબિયત બગડતી ચાલી હતી અને રાકેશને થોડો આરામ હતો પણ અચાનક એક દિવસ રાકેશની તબિયત બગડી ગઈ અને તાત્કાલિક કોઈ સારવાર મળે તે પહેલાં જ તેણે દેહ છોડી દીધો. ત્યારબાદ સ્વીટીની તબિયત સુધરવા લાગી. નરેશભાઈને દુઃખી થવું પોસાય એવું નહોતું, પત્ની અને માંડ બચેલી પુત્રીને સધિયારો આપવાનો હતો. જ્યારે બહુ તકલીફ થતી તો બાથરૂમમાં શાવરની નીચે રડી લેતાં.

મહિનો આ જ સ્થિતિ રહી એટલે નરેશભાઈએ મનોચિકિત્સકને દેખાડવાનું નક્કી કર્યું. મનોચિકિત્સકે બે સેશન પછી કહ્યું, "તમારી દીકરી નોર્મલ છે. તેને કશું જ નથી થયું, તે આઘાતમાં પણ નથી. પણ તે હવે પહેલાં જેવી નહીં રહે. રાકેશનું મૃત્યુ થયું તે પહેલાં તેની રાકેશ સાથે વાત થઈ હતી અને રાકેશે કહ્યું હતું કે તે જીવ આપીને પણ તેને બચાવશે. બીજે દિવસે ખરેખર રાકેશ જતો રહ્યો અને તે બચી ગઈ, તેથી તેણે નક્કી કર્યું છે કે તે હવે રાકેશની જેમ જ રહેશે અને વર્તશે."

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા

---

## NOG SS No : 0102

વિષય :- કોરોનામાં શિક્ષણ.

પ્રકાર :- ગદ્ય.

માર્ચ ૨૦૨૦ પછી કોરોના એ દેશમાં પોતાનો પંજો ફેલાવ્યો છે અને આજ સુધી તેની ભયાનક અસર રહી છે. કોરોના કાળમાં દેશની શિક્ષણપ્રથાને ભારે નુકસાન થયુંછે. લોકડાઉનમાં તમામ શિક્ષણ સંસ્થાઓ બંધ છે સમગ્ર શિક્ષણ જગત ઠપ થય ગયું છે. ઓનલાઇન શિક્ષણ પ્રથા ચાલુ કરી આનાથી કદાચ થોડો ફાયદો થયો હશે .

ઓનલાઇન શિક્ષણથી વર્ગનું શિક્ષણ અને લેબોરેટરીમાં પ્રેક્ટિકલ શિક્ષણ મળી શકતું નથી અને તેનાથી વિદ્યાર્થીઓનાં શિક્ષણમાં નુકસાન થાય છે.
આપણી શિક્ષણ પ્રથા પણ ખામી ભરેલી છે ધોરણ ૧૦મું કે ૧૨મું પાસ કર્યા પછી તેઓને કોઈ પણ જાતની ઔદ્યોગિક ક્ષમતા હાંસલ થતી નથી.
ગ્રેજ્યુએટ થયા પછી પણ નોકરી મળતી નથી એન્જિનિયર થયા પછી પણ બેકાર બેસવાનો વારો આવ્યો છે. અને આપણું યુવાધન ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યું છે.
શિક્ષણમાં નફાખોરી, ભ્રષ્ટાચાર, શોષણ, આ બધુ અટકાવવું જોઇએ. આજના શિક્ષણવિદો એ કોઈ એવી શિક્ષણ પ્રથા ઉભી કરવી જોઈએ કે જેને કારણે એક બાજુ શિક્ષણ પૂરું થાય અને બીજી બાજુ વિદ્યાર્થી વ્યવહારિક, ઔદ્યોગિક અને કોઈ સારું કામ કરી પૈસા કમાઈ શકે તેવી ક્ષમતા હાંસલ કરે એ પ્રકારની શિક્ષણ સંસ્થાની ખાસ જરૂર છે સરકારે પણ રસ લઈને આ પ્રથાનો વિકાસ કરવો જોઈએ શિક્ષણ ક્ષેત્રે વધુ મૂડીરોકાણ કરીને વિદ્યાર્થીઓ જ્યારે શિક્ષા લઈને બહાર પડે ત્યારે પોતે કમાતા થાય પોતાના મા-બાપને ઉપયોગી બને અને પોતે ક્ષમતાથી અને ગૌરવથી જીવન જીવી શકે એ પ્રકારની વિદ્યા અને શિક્ષણનું માળખું આજના કોરોનાના કાળની અંદર શિક્ષણવિદો વિચારે અને ભવિષ્યનાં યુવાનોને દેશને માટે તૈયાર કરે એવી આજના જમાનામાં ખાસ અને તાતી જરૂર છે.

રતિલાલ વાયડા, નવી મુંબઈ.

---

## NOG SS No-0011

સાહિત્ય સરિતા

વિષયઃ- કોરોના મહામારી

પ્રકારઃ- લઘુકથા

શીર્ષકઃ- વાવાઝોડું લઈ ગયું કોરોના

પ્રતીક્ષા પ્રતીકને કહે ," કોરોનાની મહામારી ખરેખર મારા માટે વરદાન સાબિત થઇ."

"જૂઓ , તમને રસોઈ બનાવતાં, ઘરની સફાઈ કરતાં, વાસણ ને કપડાં ધોતાં આવડી ગયું. એ બધું તમને મારાં કરતાં પણ ખૂબ સારી રીતે આવડી ગયું."

બાજુમાંથી માલતીમાસી પસાર થતાં'તા કહે," હા, સાચી વાત, મારા એ પતિદેવને ક્યારની આ બધાં કામ શીખવાડું છું. પણ તમારાં જેવું નથી આવડતું."

ત્યાં તો ટેલિવિઝન પર સમાચાર આવતાં હતાં," આવતીકાલે આ શહેર પરથી પ્રચંડ વાવાઝોડું પસાર થવાનું હોઈ ઘરની બહાર નીકળવું નહીં. કોરોનાની મહામારી હજી ગઈ નથી. તેથી કાળજી રાખવી."

બીજા દિવસે વાવાઝોડાને કારણે આખાં શહેરમાં લાઈટ ન હતી. એટલે મોબાઈલમાં પૂરતું ચાર્જીંગ પૂરું થઈ જવાની તૈયારીમાં હતું.

પ્રતિક, પ્રતિક્ષા, પરિતા ને પ્રકાશ આજે ખૂબ કંટાળી ગયા હોવાથી" સમય? પસાર કઈ રીતે કરવો? " તે વિચારતાં હતાં.

પ્રકાશે ખૂણામાંથી પૂંઠા, કલર ને માપપટ્ટીથી લાવ્યો ને અમદાવાદની રમત તથા ચેસ બોર્ડ દોર્યું.

પ્રતિક અને પ્રતિક્ષાએ ઘરનાં પડદાં સાફ કર્યા પછી ઘરમાં લાડું, કઢી ને બટેટાનું શાક, પાપડ બનાવ્યાં.

ઘરનાં બધાં સભ્યોએ જમીને મજાની અંતાક્ષરી રમ્યાં. સાંજે તેમણે બાળકોને વાર્તા કહી.

આમ ને આમ બે દિવસ પસાર થઈ ગયાં. વાવાઝોડું શહેર પરથી પસાર થઈને જતું રહ્યું. આજે ફરીથી દરેકનું રોજિંદુ કામ શરૂ થયું હતું.

પ્રતિક નોકરી જતાં સમયે પ્રતિક્ષાને કહે," અરે, આજે તો ઘરમાં સાવ શાંતિ છે. બાળકો ક્યાં ગયાં?"

પ્રતિક્ષા કહે," આ જૂઓને, બહાર આંગણામાં ચેસ રમે છે. "

પ્રતિક કહે," અરે, વાહ! અઃ તો એકબીજાને વાર્તા કહે છે."

બંને એકસાથે બોલી ઉઠ્યા," વાહ, વાવાઝોડું આવ્યું ને કોરોનાની સાથોસાથ શહેરે સેનિટાઈઝ થયું. ને બધાંનાં મન બદલાયાં.

મનોજકુમાર પંચાલ, 'મન' પાલનપુર

---

## NOG SS No : 0048

વિષય - કોરોના

પ્રકાર - ગદ્ય

શીર્ષક - કોરોના યોધ્ધા

પોતાનાં ત્રણ વર્ષનાં દીકરાના ઉછેર માટે સોનલે પોતાની નોકરી છોડી દીધી. એપ્રિલ ૨૦૨૦ માં એનો દીકરો ૧૦માં ધોરણમાં આવ્યો. સોનલે પણ પોતાનું બધું ધ્યાન દીકરાના ભણતરની પાછળ કેન્દ્રીત કર્યું, એમાં પાછું આ વર્ષે કોરોનાના લીધે ઓનલાઈન ભણતર એટલે એની સાથે અનુકૂલતા સાધવાનો પણ સમય લાગ્યો.
ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૧માં કોરોનાની બીજી લહેર આવી, જે ઘણી ઘાતક હતી. એ સમયે સોનલ પહેલાં જ્યાં કામ કરતી હતી, ત્યાંથી સાહેબનો ફરી કામ ચાલુ કરવા માટે ફોન આવ્યો. સોનલનાં પતિ જગદીશભાઈ પણ ત્યાં જ કામ કરતાં હતાં. એમણે પણ સોનલને ફરી કામ કરવા માટે સમજાવ્યું. તેણીનાં દીકરાએ પણ તેને આના માટે સહકાર આપ્યો.
સોનલે સમય પારખીને કામ કરવાની હા પાડી અને બીજા દિવસે કોરોનાથી બચવા માટેની જરૂરી સાવધાની સાથે ફરજ પર હાજર થઈ. આટલાં વર્ષો પછી તેણીએ પેથોલોજી લેબમાં પગ મૂકતાં આનંદ અનુભવ્યો.
તેણીએ જરૂરતમંદ લોકોનાં ઘરે જઈને કોરોના પરીક્ષણ માટેનાં સેમ્પલ લેવાની જવાબદારી સ્વીકારી. આ સમય દરમિયાન કેટલાંક વડીલોનાં સંપર્કમાં પણ આવી, જેમનાં પરિવારજનોએ આ બિમારીને લીધે તેમનાથી મોં ફેરવી લીધા હતાં. તેણીએ તેનાં કામ સાથે તે સૌને માનસિક સહારો પણ આપ્યો. એકબાજુ તેણી ઘરે ઘરે સેમ્પલ લેવાં જાય અને તેણીનાં પતિ જગદીશભાઈ દિવસ રાત લેબમાં સેમ્પલનું પરીક્ષણ કરે.
જે દીકરાના ભણતર અને ઉછેર માટે થઈને નોકરી છોડી હતી, આજે તેને ઘરે એકલો મૂકીને તેણી ફ્રન્ટલાઈન કોરોના વોરિયર (કોરોના યોધ્ધા) બની.
આવા લાખો કોરોના વોરિયર્સ જે પોતાનાં પરિવારથી ઉપર "વસુધેવ કુટુમ્બકમ"ની ભાવના રાખી વૈશ્વિક પરિવારનું વિચારે છે, તેમને મારા કોટિ કોટિ વંદન.

પ્રકૃતિ શાહ 'પ્રીત'

---

# સમાજનું ભલુ થાય એવા કાર્યો માટે સમાજમાં દાતાઓની કોઇ ખોટ નથી અમે તો માત્ર માધ્યમ છીએ - પૂ. સ્વામી સચિદાનંદજી




અમદાવાદ

દંતાલી આશ્રમના પ.પૂ. સ્વા મી સચ્ચિટદાનંદજી મહારાજના હસ્તેસ પેટલાદ ખાતેની સિવિલ હોસ્પિટલ ખાતે આજે રૂા.૩૬ લાખના ખર્ચે તૈયાર થયેલ ઓક્સિજન પ્લાન્ટ તેમજ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ આર.ટી.પી.સી.આર ટેસ્ટ માટેની અદ્યતન લેબોરેટરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પેટલાદ સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, કલેક્ટર શ્રી આર.જી. ગોહિલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આશિષકુમાર અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ લોકાર્પણ સમારોહમાં પૂ. સ્વામી સચિદાનંદજીએ અમે જે આપ્યું તે અમારૂં નથી એ તમારૂં જ છે અમે માત્ર સમાજના ભલા માટે માધ્યમ બન્યા હોવાનું જણાવી સમાજનું ભલું થાય એવા કાર્યો માટે સમાજમાં દાતાઓની કોઇ ખોટ નથી. અમે તો માત્ર નિમિત હોવાનું કહ્યું હતું.

આણંદ જિલ્લાના પ્રથમ ઓક્સિજન પ્લાન્ટ માટે દાતાઓએ માત્ર ત્રણ જ દિવસમાં રૂા. ૩૬ લાખ આપી દીધા અમારે ક્યાંય માગવા જવું પડ્યું નથી જેના કારણે આજે ઓક્સિજન પ્લાન્ટ પેટલાદ વિસ્તારમાં કાર્યરત થઇ ગયો હોવાનું કહ્યું હતું.

આ પ્રસંગે સ્વામીજીએ ધર્મજ ગામના વતની અને કેલિફોર્નીયામાં વસતા શ્રી રવિભાઈ પટેલે પણ અહીં સી.ટી.સ્કેન.મશીનની વ્યવસ્થા માટે રૂ.૧.૫૦ કરોડના દાન આપવાની વાત કરી હતી તેની જાહેરાત કરી આ ઉમદા કાર્યથી પ્રજાની સાચી સેવા થશે તેમ જણાવ્યું હતું.

પેટલાદ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોય છે ત્યારે મહત્વની સેવાઓ અહીંજ પ્રાપ્ત થાય એ સારી બાબત છે અને આ બધું દાતાઓના દાનથી અને સરકારના સહયોગથી શક્ય બન્યું હોવાનું પણ સ્વામમીજીએ કહ્યું હતું.

સ્વામીજીએ સીવિલ હોસ્પિટલ પેટલાદના ડૉક્ટર શ્રી ગીરીશ કાપડીયા અને પ્રાંત ઓફીસર

શ્રી મનીષાબેન બ્રહ્મભટ્ટની હોસ્પિટલમાં તમામ પ્રકારની સેવાઓ મળે તે માટે ઝડપી કામગીરી કરવા બદલ આભારની લાગણી વ્યિકત કરી આશીર્વાદ પાઠવ્યા હતા. .

આ પ્રસંગે હોસ્પિરટલના તબીબો સર્વશ્રી રાજેશ ઠક્કર, કમલેશ બ્રહ્મભટ્ટ, ઇન્ચાર્જ નર્સ

સુશ્રી ભારતીબેનનું સ્વામીશ્રીએ સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા.


સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે પેટલાદમાં પણ પ્લાન્ટ કાર્યરત થયો તે માટે આપણે સૌ પૂ. સ્વામી સચિદાનંદજી અને દંતાલી આશ્રમના ખૂબ આભારી છીએ તેમ જણાવી પેટલાદ સિવિલ હોસ્પિટલને સુવિધાઓથી સજ્જ કરવામા પૂ.સ્વામીજીના આશીર્વાદ મળ્યા અને કોરોના સંક્રમણ સમયે આ સુવિધાઓ દર્દીઓને ઝડપથી સ્વસ્થ થવામાં મદદરૂપ બની રહેશે સાથે સાથે આણંદ જિલ્લામાં ઓક્સિજનની તકલીફ પડશે નહીં તેમ કહ્યું હતું.

સાંસદશ્રીએ વધુમાં જણાવ્યું કે રાજ્ય સરકારે આણંદ જિલ્લામાં આર.ટી.પી.આર. લેબોરેટરીની જરૂરીયાત હતી. જે પુરી કરવા બદલ આભારની લાગણી વ્યઆકત કરી હતી. હવે કોરોના-૧૯ના ટેસ્ટીગ માટે અમદાવાદ-વડોદરા કે અન્ય જગ્યાએ સેમ્પલ મોકલવામાં આવતા હતા અને ૪૮ થી ૭૨ કલાક જેટલો સમય જતો હતો તે સમય હવે બચી જશે. અને હવે અહીં જ ટેસ્ટીનગ થતાં ગણતરીના કલાકોમાં રીપોર્ટ આવતાં દર્દીઓને ત્વરીત સારવાર કરવામાં મદદરૂપ બની રહેશે.

સીવિલ હોસ્પિટલના ડૉક્ટરશ્રી ગીરીશ કાપડીયાએ પેટલાદ ખાતે દર્દીઓ માટે ઓકિસજનની તાતી જરૂરીયાતને પહોચી વળવા માટે આ ઓક્સીજન પ્લાન્ટ દર્દીઓની સારવાર માટે ઘણો ઉપયોગી બની રહેશે તેમ જણાવી આ ઓક્સીજન પ્લાન્ટ એક મીનીટમાં ૨૬૦ લીટર ઓક્સીજન ઉત્પબન્ન થતાં હોસ્પીટલમાં ઓકસીજનના ૨૪ સીલીન્ડર સાથે ૯૦ પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે પેટલાદ હોસ્પિીટલમાં જ આર.ટી.પી.સી.આર.ની લેબનો પ્રારંભ થતાં પેટલાદ સહિત જિલ્લાલને તથા આજુબાજુના ગામોને તેનો લાભ મળશે તેમ કહ્યું હતું.

આ પ્રસંગે પ્રાંત ઓફીસર શ્રી મનીષાબેન બ્રહ્મભટ્ટ, મુખ્યર જિલ્લો આરોગ્ય અધિકારી

ડૉ. એમ. ટી. છારી, મામલતદારશ્રી, સિવીલ સર્જન શ્રી જી.ડી.પટેલ, ડૉ.અમર પંડ્યા, પૂર્વ મંત્રીશ્રી સી.ડી.પટેલ, શ્રી વિપુલભાઇ પટેલ, રમણભાઇ સોલંકી, તથા મેડીકલ નર્સ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.




ગઈ કાલના ગૌ માતા ના ભોજન ના દાતાર પરમાર રાહુલ કુમાર દાનાભાઈ (છાપી) દરજી રવી ભાઈ ધરણીધર પાન પાર્લર હેમરાજ ભાઈ ગોહિલ તરફથી ગૌ માતાને લીલી ચાર ખવડાવવા માં આવી. દરરોજ દાંતીવાડા ના ગૌ સેવકો અને દાતાર શ્રી ઓના દાનથી દાંતીવાડા, કોલોની, જોરાપુરા, રામનગર, નાંદોત્રા બ્રાહ્મણ, ઠાકોર વાસ, બોર્ડ્રિંગ કેમ્પ, વીર મહારજ ના મંદિર રે રહેતી બધી ગાયો ને રોજ નું ૧૦૦ મણ લીલી ચાર ખવડાવવા માં આવેછે.

દાંતીવાડા ના વેપારી ભાઈઓ નો ખૂબ ખૂબ આભાર .

### વસ્ત્રાલ સ્થિત વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના શુભ હસ્તે અમદાવાદ શહેરમાં ૫૮૫ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું ઇ- લોકાર્પણ અને ખાતમૂહૂર્ત



## વસ્ત્રાલ સ્થિત બી.આર.ટી.એસ વર્કશોપ માં અમદાવાદ જનમાર્ગને ૭૧ કરોડના ખર્ચે ૫૦ અધતન ઈલેક્ટ્રીક બસોની ભેટ

અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાર્યાન્વિત ૫૮૫ કરોડના ખર્ચે વિવિધ વિકાસ પ્રકલ્પોનું આજે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઇ- લોકાર્પણ અને ખાત- મુહુર્ત કરવામાં આવ્યું હતું.

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં વસ્ત્રાલ સ્થિત વિવિધ વિકાસ કાર્યોના ઇ- લોકાર્પણ અને ખાતમૂહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રહેલા ગૃહરાજ્ય મંત્રી શ્રી

પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરના વસ્ત્રાલ સ્થિત બી.આર.ટી.એસ વર્કશોપ ખાતેથી આજે શહેરીજનોને ૫૦ ઈલેક્ટ્રીક બીઆરટીએસ ની ભેટ નગરજનોની જનસુખાકારીમાં વધારો કરવાની સાથે જીવનશૈલીમાં સુધારો કરશે.

વસ્ત્રાલ થી શરુ કરાયેલ ૫૦ નવીન ઈલેક્ટ્રીક બીઆરટીએસ બસો સ્પેન્ડેડ પાર્ટિકલ મેટર (જી઼.દ્વ.) સ્તર નીચો કરી પર્યાવરણને સાનુકૂળ સેવા પ્રદૂષણ ઘટાડવામા મહત્વની ભૂમિકા બની રહેશે. જેના થકી શહેરી જનોને સુવિધા સાથે સ્વાસ્થ્ય પ્રાપ્ત થશે.

અમદાવાદ પૂર્વ વિસ્તારના રહીશો ની આરોગ્યલની દરકાર કરીને રમતવીરો માટે અંદાજિત ૫૧ કરોડના ખર્ચે નવીન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નું આજે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

વિધિવત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નું ભૂમિ પૂજન કર્યા બાદ મંત્રીશ્રીએ સમગ્ર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નો નકશો જોઈ એન્જિનિયર દ્વારા સમગ્ર નિર્માણ પ્રક્રિયા નો તાગ મેળવ્યો હતો.ત્યારબાદ સ્થળ ઉપર જઈ સમગ્ર નિર્માણ કામગીરી ની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા અમદાવાદ શહેરને બ્રિજ,ઈલેક્ટ્રિક બસ, ગાર્ડન,વોટર પ્રોજેક્ટ, રિવરફ્રન્ટ ફેઝ-૨, અમદાવાદ શહેરીજનોની અનેકવિધ સુવિધાઓમાં અને જનસુખાકારી માં વધારો કરશે તેવી લાગણી ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજયારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે તેમના કાર્યકાળ દરમિયાન રિવરફ્રન્ટની થઈ હતી. જેણે વૈશ્વિક ફલક પર અમદાવાદ શહેરને ખ્યાતિ અપાવી છે જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ની દૂરંદેશી વિચારશૈલી નું પરિણામ છે તેમ ગૃહ રાજ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતું.

વિવિધ વિકાસ કલ્પોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત પ્રસંગે અમદાવાદ દસ્ક્રોઈ વિસ્તારના ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ, પક્ષના નેતા શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ કાઉન્સિલરશ્રીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**બગસરા બાળ કેળવણી મંદિર પરીવાર દ્વારા સાવરકુંડલા શહેર ના વિચરતી અને વિમુકત જાતિ એવા સરાણીયા સમાજ ના લોકો ને અનાજ કરીયાણા ની કિટસ ભેટ આપવામા આવી હતી આ સૌવ ગરીબ લોકોના ચહેરા ઉપર નો રાજીપો જોઈ અમોને ખુબ આનંદ નો અહેસાસ થયો વાવાઝોડા અસરગ્રસ્ત થયેલ લોકો માટે બાળ કેળવણી મંદિર બગસરા દ્વાર અનેક જરુરીયાતમંદ કુટુંબ ને વિતરણ કર્યુ હતુ સૌવ ના સહકાર થી અતિ ગરીબ પરીવાર નાં સરાણીયા સમાજ નાં બગસરા તેમજ સાવરકુંડલા વસતા તમામ પરીવાર ને મદદ કરવા બદલ સામાજિક કાર્યકર હરેશ માંગરોળીયા એ આ સંસ્થા નાં દેવચંદભાઈ સાવલીયા હબીબભાઈ ખોખર તેમજ તમામ સેવાભાવી મેમ્બર ને ખૂબ ખુબ ધન્યવાદ. અભિનંદન પાઠવ્યા હતા આ કિટ્ટસ માટે મુંબઈ થી પ્રફુલભાઈ જોબનપુત્રા રમીલાબેન દડીયા લીલાબેન જયશ્રીબેન પીયૂષપીયૂષભાઈ શાહ નો સાથ સહકાર મળેલ છે બાળ કેળવણી મંદિર બગસરા પરીવાર સૌવનો આભાર માને છે.**

# અંબાજી મંદિર તા. ૪ જુન સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે



સમગ્ર દેશ કોરોના કોવિડ-૧૯ વાયરસની બીજી લહેર સામે લડી રહ્યો છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે તા.૨૮ મે-૨૦૨૧ સુધી અંબાજી મંદિર અને તેને સંલગ્ન ધાર્મિક સંસ્થાઓ યાત્રિકો માટે બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૭ મે-૨૦૨૧ હુકમ અન્વયે અંબાજી મંદિર તા. ૪/૬/૨૦૨૧ સુધી દર્શનાર્થીઓ માટે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભટ્ટજી મહારાજ દ્વારા પૂજન, અર્ચન તથા ધાર્મિક વિધિ વિધાન રાબેતા મુજબ કરવામાં આવશે.

વધુમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત મૂળ શક્તિપીઠ ગબ્બર મંદિર, અંબિકા વિશ્રામ ગૃહ, જગદ્દજનની પથિકાશ્રમ (હોલી ડે હોમ) તથા અંબિકા ભોજનાલય પણ તા.૪ જુન-૨૦૨૧ સુધી બંધ કરવામાં આવે છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ. જે. ચાવડાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વિશ્વભરમાં ફેલાયેલી આ મહામારી સામે માં અંબે સર્વેની રક્ષા કરે તેવી આપણે પ્રાર્થના કરીએ. આપ સૌ બિન જરૂરી ઘરની બહાર ન નિકળો, સામાજિક અંતર રાખો ફરજીયાત માસ્ક પહેરો અને સરકારશ્રીની કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણપણે પાલન કરો તથા વેક્શિન લઈને પોતાની, પોતાના પરિવારજનોની સુરક્ષા સુનિશ્ચિત કરીએ તથા તંદુરસ્ત સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

### જીતનગર ગામની સગીર કન્યાને પોતાની પ્રેમજાળમાં ફસાવી

# લગ્ન કરવાની લાલચ આપી ઈચ્છા વિરૂધ્ધ શારિરીક સબંધ બાંધ્યા પછી લગ્નનો ઈક્રાર કરતા ચકચાર

## સગીર કન્યાને લાગી આવતા માથુ ધોવા માટેનું વાટીકા સેમ્પનુ પાઉચ તોડીને પી જઈ આત્મ હત્યાનો પ્રયાસ કરતા ચકચાર આરોપી સામે પોલીસ ફરિયાદ

જીતનગર ગામની સગીર કન્યાને પોતાની પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપીઈચ્છા વિરૂધ્ધ શારિરીક સબંધ બાંધ્યા પછી લગ્નનો ઈક્રાર કરતા ચકચાર મચી જવા પામી છે. જેમાં સગીર કન્યાને લાગી આવતા માથુ ધોવા માટેનું વાટીકા સેમ્પનુ પાઉચ તોડીને પી જઈ આત્મ હત્યાનો પ્રયાસ કરતા આરોપી સામે રાજપીપલા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે



ફરીયાદી સગીર કન્યાએ આરોપી અલ્પેશભાઈ કૃષ્ણભાઈ વસાવા (રહે.જીતનગર નવીનગરી તા.નાદોદ, જી.નર્મદા)સામે ફરિયાદ નોંધી છે

ફરિયાદની વિગત અનુસાર ભોગ બનનાર કન્યા સગીરવયની હોવાનું જાણવા છતા આરોપી અલ્પેશભાઈ કૃષ્ણભાઈ વસાવા પોતાની પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનાર ફરીયાદીને ઉંઘમાંથી જગાડી પોતાના ઘરે લઈ જઈ તા.૨૮/૧૨/૨૦૨૦ના ૨ થી તા.૨૦/૦૫/૨૦૨૧ સુધી રાખી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીની ઈચ્છા વિરૂધ્ધ શારિરીક સબંધ બાંધી આરોપીએ "તારી સાથે લગ્ન નથી કરવા નથી" તેમ જણાવી ભોગબનારને તેના ઘરે મોકલી આપીહતી.તે બાદ પણ આરોપીએ ભોગ બનનાર ફરીયાદીને લગ્ન કરવા માટેનો વિશ્વાસ આપી તા.૨૬/૦૫/૨૦૨૧ના રાતનાભોગ બનનાર ફરીયાદીબેનને આરોપીનો મોબાઈલ નંબર ઉપર સંપર્ક સાધતા આરોપીએ લગ્ન કરવાની સ્પષ્ટ ના પડી ગુન્હાહીત વિશ્વાસઘાત કરતા ભોગ બનનારને મનમાં લાગી આવતા પોતાના રહેણાંક ઘરની ઓસરીના ભાગે માથુ ધોવા માટેનું વાટીકા સેમ્પનુ પાઉચ તોડીને પી જઈ આત્મ હત્યાનો પ્રયાસ કરતા પોલીસ ફરિયાદ થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલે ટેટોડા ગૌશાળા ખાતે ગૌ માતાનું પૂજન કરી કોવિડ કેર સેન્ટરની મુલાકાત લીધી



કલેકટરશ્રીએ ડીસા તાલુકાની ટેટોડા ગૌશાળામાં એલોપેથી અને આયુર્વેદીક કોવિડ કેર સેન્ટરનું જાત નિરીક્ષણ કર્યુ

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે ડીસા તાલુકાના ટેટોડા મુકામે આવેલ શ્રી રાજારામ ગૌશાળા ખાતે ગૌ માતાનું પૂજન કરી કોવિડ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. સંભવિત કોરોનાની ત્રીજી લહેરને પહોંચી વળવા બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બની રહ્યું છે ત્યારે આ લહેરના સામના માટે તંત્ર દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કલેકટરશ્રી આનંદ પટેલે ડીસા તાલુકાની શ્રી રાજારામ ગૌશાળા ટેટોડામાં એલોપેથી અને આયુર્વેદીક પધ્ધતિથી અપાતી સારવાર અંગે જાત નિરીક્ષણ કરી કોવિડ કેર સેન્ટરની સુવિધાઓ અને સારવાર પધ્ધતિ અંગે જાણકારી મેળવી હતી.

૫૦૦ જેટલાં બેડની સુવિધાવાળા આ કોવિડ કેર સેન્ટરમાં એમ.બી.બી.એસ. અને આયુર્વેદીક તબીબો સહિત કોરોના સંક્રમિત દર્દીઓને સારી સારવાર ઉપલબ્ધ થાય તેની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે.

કલેકટરશ્રી આનંદ પટેલે શ્રી રાજારામ ગૌશાળા ટેટોડાના સંચાલકો અને મહંતશ્રી રામરતન મહારાજની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવતાં જણાવ્યું કે, અબોલ પશુઓની સેવા સાથે કોરોનાના કપરા સમયમાં ગરીબ લોકોની સેવા માટે આગળ આવી શ્રી રાજારામ ગૌશાળા દ્વારા ખુબ સુંદર કામગીરી કરવામાં આવી રહી છે જે આપણા સૌ માટે પ્રેરણારૂપ છે.

કલેકટરશ્રીની મુલાકાત વેળાએ શ્રી રાજારામ ગૌશાળાના મહંતશ્રી રામરતનજી મહારાજ, ડીસા પ્રાંત અધિકારીશ્રી હિરેન પટેલ, મામલતદારશ્રી એ. જે. પારઘી સહિત અધિકારીઓ, તબીબો અને સેવાભાવી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમરેલી જિલ્લાના વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં થયેલા નુકસાનનો સર્વે કરતી કેન્દ્રીય સચિવોની ટીમ

અમદાવાદ

કેન્દ્રના વિવિધ વિભાગોના સચિવોની ટીમે આજે અમરેલી જિલ્લાના તાઉ'તે વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને વિવિધ ક્ષેત્રોમાં થયેલી તારાજીનો તાગ મેળવ્યો હતો.



રાજુલા તાલુકાના કોવાયા ગામે કલેકટરશ્રી આયુષ ઓકએ કેન્દ્રીય ટીમ સમક્ષ સમગ્ર પરિસ્થિતિનો ચિતાર રજૂ કરતા કહ્યું હતું કે વાવાઝોડામાં ધરાશાયી થયેલા ૬૪૦ વીજ ટાવરો પૈકી ૫૦૦ થી વધુ ટાવરો તાત્કાલિક કાર્યરત કરાયા છે અને રાજુલા શહેરમાં ક્રમશઃ હોસ્પિટલ , સરકારી ઓફિસો, બેંક અને રહેણાક વિસ્તારોમાં વીજળી આપવામાં આવી રહી છે. જ્યારે વિવિધ વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવાના કામને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી છે, તે ઉપરાંત પાણી પૂરવઠા બોર્ડના ટેક્રર દ્વારા ગ્રામ પંચાયતના સંકલનમાં રહીને પ્રતિ વ્યક્તિ દૈનિક ૭૦ લીટરના ધોરણે પાણી વિતરણ સત્વરે શરૂ કરાયું છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી તેજસ પરમારે જણાવ્યું હતું કે શિયાળ બેટ ટાપુ ખાતે આવેલા ૨૨ પૈકી ૧૫ પાણીના સંપ વાવાઝોડા પહેલા જ પાણીથી પૂરેપૂરા ભરી દેવાયા હતા, જેનાથી શિયાળબેટ ખાતે પીવાના પાણીની ઓછામાં ઓછી તકલીફ પડી છે. દરિયા કિનારાના વિસ્તારોમાં લેવાયેલા સાવચેતીના પગલાંને લીધે જાનહાની ટાળી શકાઈ છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

કોવાયા ખાતે વાવાઝોડાને લીધે નષ્ટ થયેલા કૃષિ પાકો જેવા કે બાજરી-જુવાર-તલ અને કેરી-નાળિયેરી-ચીકુ-લીંબુ વગેરે જેવા બાગાયતી પાકોને થયેલા નુકસાન, પાક વીમો વગેરેની માહિતી ગામના સરપંચ શ્રી કાળુભાઈ લાખણોત્રાએ કેન્દ્રીય ટીમને આપી હતી. રોહિસા ગામના સરપંચશ્રી વીજાણંદભાઈ વાઘેલાએ વિવિધ વિસ્તારોમાં લઈ જઈને કેન્દ્રની ટીમને વાવાઝોડાથી થયેલી તબાહીનો ચિતાર રજૂ કર્યો હતો.

ટીમે સિમેન્ટ પ્લાન્ટ, રામવાડી વિસ્તાર, પીપરી કાંઠાના વિવિધ વિસ્તારો તથા જેટીની પણ મુલાકાત લીધી હતી.

આ વિસ્તારના નાગરિકોની આજીવિકા અને જીવન ધોરણ વિશે પણ કેન્દ્રિય ધીમે સઘન પૂછપરછ કરી હતી તથા ડુંગળીના ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટ , સ્ટોરેજ કેપેસિટી તથા અન્ય લઘુ ઉદ્યોગો વિશે પણ વિગતવાર જાણકારી મેળવી હતી. નાના સીમાંત ખેડુતોને થયેલા નુકસાનનું મહત્તમ વળતર ચૂકવવા વિશે પણ માનવીય ધોરણે કાર્યવાહી કરવા અંગે વિચાર વિમર્શ કર્યો હતો.

આ મુલાકાતમા ભારત સરકારના ગૃહ વિભાગના સંયુક્ત સચિવ શ્રી પ્રકાશ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના નિયામક શ્રી સુભાષ ચંદ્રા, માર્ગ અને વાહન વ્યવહાર વિભાગના અધિકારી શ્રી હર્ષ પ્રભાકર, નાણાં વિભાગના નાયબ નિયામક શ્રી મહેશ કુમાર, વીજળી વિભાગના નાયબ નિયામક શ્રી જીતેશ શ્રીવાસ, મત્સ્યોદ્યોગ વિભાગના અધિકારી શ્રી રાજીવ પ્રતાપ દૂબે, રાજ્ય સરકારના રિલીફ કમિશનર શ્રી હર્ષદકુમાર પટેલ, અને સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સોનલ જોશીપુરા

### ટેન્ટ સીટી ૧ ખાતે વધારાનું દબાણ સ્વયં દૂર કરવાનું કામ ચાલુ રી દેવાયું

# લલ્લુજી એન્ડ સન્સનાં md દીપાન્સુ અગ્રવાલ પાસેથી અનામત પ્રકારના વૃક્ષ કાપવા બદલ કેવડિયા રેન્જ ર્ફિ વિરેન્દ્રસિંહ ઘરીયાએ ૧ લાખ વસુલ કર્યા

રાજપીપલા તા ૨૮

લલ્લુજી એન્ડ સન્સનાં md દીપાન્સુ અગ્રવાલ પાસેથી અનામત પ્રકારના વૃક્ષ કાપવા બદલ કેવડિયા રેન્જ ર્ફિ વિરેન્દ્રસિંહ ઘરીયાએ ૧ લાખ વસુલ કર્યાછે

કેવડિયા રેન્જ ગુના નંબર - ૩/૨૦૨૦-૨૧ મુજબ નઘાતપોર રાઉન્ડ હેઠળ આવતા ટેન્ટ સિટીની બાજુમાં સરકારી જમીનમાં રહેલ અનામત પ્રકારના સાગ અને ખાખરનાં ૯ જેટલા વૃક્ષ કાપી નાંખતા કેવડિયા ર્ફિ શ્રી વિરેન્દ્રસિંહ ઘરીયા સમક્ષ આજે સુનાવણીમાં લલ્લુજી એન્ડ સન્સ તરફથી દ્વદ્ધં દીપાન્સુ અગ્રવાલ,રહે. ૬૪, વસંત બહાર,ઉમિયા માતાજીના મંદિર પાસે, અમદાવાદ આજે રૂબરૂ હાજર થતા ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની કલમ - ૨૬ (૧)(ક) મુજબ ગેરકાયદેસર રીતે સરકારી જમીનમાંથી અનામત પ્રકારના ૯ જેટલા વૃક્ષો ૦.૨૩૪ ઘનમીટર કાપતા અને વન ઉનમુલન કરવું,જંગલ જમીનમાં અપ્રવેશ કરવો,વૃક્ષ પાડવા અને ઈમારતી લાકડું લઈ જઈ અને વનની જમીન પર બાંધકામ કરવું અને જંગલને કરેલ નુકસાની બદલ કરેલ ગુનાની કબૂલાત આપતા અને વળતર પેટે નિયમ અને કાયદા મુજબ ૧,૦૦,૦૦૦? વસુલ કર્યા હતા. અને ભવિષ્યમાં આ પ્રકારે કોઈ પણ પ્રકારનું કૃત્ય નહીં કરવા સખ્ત તાકીદ કરવામાં આવી હતી. અત્રેઉલ્લેખનીય છે કે

ટેન્ટ સીટી કેવડિયાખાતે સાગ અને ખાખરના અનામત પ્રકારના વૃક્ષ વિના પરવાનગીએ કાપી નાખતા લલ્લુજી એન્ડ સન્સના એમડીને કેવડિયા વન વિભાનું તેડું આવ્યું હતુ અને ૨૮/૦૫/૨૦૨૧નાં રોજ કેવડિયા રેન્જ ફોરેસ્ટ ઓફિસ કેવડીયાની કચેરીએ હાજર થવા સમન્સ પાઠવ્યું હતુ જેમાં આરક્ષિત વન જમીનમાં ૭ જેટલા ટેન્ટઉભા કરી ગેરકાયદે વૃક્ષો ઉગાડી વૃક્ષ છેદનની કામગીરી કરતા કાર્યવાહી હાથ ધરરી આજે સુનાવણીબાદ દંડ વસુલ્યો હતો.અને

કેવડીયામાં ટેન્ટસીટી-૧ માં લલ્લુજી એન્ડ સન્સ કંપની દ્વારા ગૌચરણની જમીનમાં કરાયેલ અનઅધિકૃત કબજો અને નવા બાંધકામને તાત્કાલિક દૂર કરવા ગરૂડેશ્વર મામલતદાર તરફથી અપાયેલી નોટીસ પાઠવી હતી ત્યાર બાદ ટેન્ટ સીટી -૧ ખાતે વધારાનું દબાણ સ્વયં દૂર કરવાનું કામ ચાલુકરી દેવાયું છે

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નાંદોદ તાલુકાના હાંડી ગામે સગીર કન્યા ઉપર પાશવી બળાત્કાર

રાજપીપલા, તા,૨૮

નાંદોદ તાલુકાના હાંડી ગામે સગીર કન્યા ઉપર પાશવી બળાત્કારની ઘટનાએ ચકચાર જગાવી છે. જેમાંબળાત્કાર કરનાર આરોપી સહિત મદદગારી કરનારકૂલ ત્રણ ઈસમો સામેએમલેથા પોલીસમથકે ફરિયાદનોંધાઈ છે. આ ઘટનાથી ગભરાયેલી કન્યાએ ઝેરી દવા પી જતા ચકચારમચી જવા પામી છે. ફરીયાદી ભોગ બનનારની માતાએ આરોપીઓ (૧) ગીરીશભાઈ જમનાભાઈ વસાવા(૨) સુજીતભાઈ ઠાકોરભાઈ વસાવા તથા (૩) અંકિતભાઈ ફિલીપભાઈ વસાવા( ત્રણેય રહે.ગાગર તા.નાંદોદ જી.નર્મદા)સામે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદની વિગત અનુસારઆરોપીઓએ કાયદેસરના વાલીપણામાંથીસગીર કન્યા ઉપર બળજબરી પૂર્વક લઈ જઈ બળાત્કાર કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવાની ફરિયાદ નોંધાઈ છે

ફરિયાદની વિગત અનુસાર ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર કન્યાને આરોપી ગીરીશભાઈ જમનાભાઈ વસાવાએ લગ્ન કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી બળજબરીપૂર્વક લઈ જઈ સગીર કન્યા સાથે બળાત્કાર કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ. તેમજ અન્ય બે આરોપીઓ સુજીતભાઈ વસાવા તથા અંકિતભાઈ વસાવા એ ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ઘરેલ છે.

આ ઘટના બન્યા પછીસગીર કન્યાએ જ દવા પી જતા માતા પિતાએ દવા પીવા બાબતે પુછપરછ કરતા ફરીયાદમાં જણાવેલ હકિકત ભોગ બનનારે જણાવતા ફરીયાદ મોડી દાખલ કરાઈ હતી. જ્યોતી જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.